# बुज्झिज्ज त्तिउट्टेज्जा

## જાણો બંધન તોડો બંધન

### અઢાર પાપસ્થાનક

### પરિચય અને પરાજય

## પ્રિયમ્


● પ્રેષક ●

**શા. બાબુલાલ સરેમલજી**

"સિદ્ધાચલ", સેન્ટ એન્સ સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

E-mail : ahoshrut.bs@gmail.com

# INDEX

| Sins | Page |
|---|---|
| હિંસા | ૧ |
| અસત્ય | ૪ |
| ચોરી | ૭ |
| મૈથુન | ૧૦ |
| પરિગ્રહ | ૧૩ |
| ક્રોધ | ૧૬ |
| માન | ૧૯ |
| માયા | ૨૨ |
| લોભ | ૨૫ |
| રાગ | ૨૮ |
| દ્વેષ | ૩૧ |
| કલહ | ૩૪ |
| અભ્યાખ્યાન | ૩૭ |
| પૈશુન્ય | ૪૦ |
| રતિ-અરતિ | ૪૩ |
| પરપરિવાદ | ૪૬ |
| માયામૃષાવાદ | ૪૯ |
| મિથ્યાત્વશલ્ય | ૫૨ |

પ્રથમ પાપસ્થાનક
# હિંસા

કરુણાસાગર ચરમ તીર્થપતિ શ્રીમહાવીર સ્વામીએ પોતાની દેશનામાં કહ્યું છે કે જિનશાસનનું હાર્દ કાંઈ હોય તો એ જીવદયા છે. દુનિયાના બધાં જ ધર્મો જીવદયામાં સમાઈ જાય છે અને દુનિયાના બધાં જ પાપો હિંસામાં સમાઈ જાય છે. માટે જ કહ્યું છે -

**पर उपकार सम धरम नही भाई**
**परपीडा सम नही अधमाई**

પરમ પાવન **શ્રી આચારાંગ સૂત્ર**માં કહ્યું છે -

**एस खलु मोहे**

હિંસા કરવી એ બહુ મોટું અજ્ઞાન છે.

**एस खलु मारे**

હિંસા એ જ મૃત્યુ છે
કારણ કે જે હિંસાથી મુક્ત થઈ જાય છે
તે મૃત્યુથી પણ મુક્ત થઈ જાય છે.

**एस खलु णरए**

હિંસા એ જ નરક છે.
કારણ કે હિંસા છે તો જ નરક છે.

મને કહેવા દો, કે આપણે બધાં દુઃખથી બહુ ડરીએ છીએ, આપણા સુખની આપણને ઘણી ચિંતા છે, આપણને ઉની આંચ પણ ન આવે એ માટે આપણે બધું જ કરી છૂટીએ છીએ. દુનિયા આખીના ધમપછાડા આમ તો દુઃખથી છૂટવા માટે અને સુખને પામવા માટે જ છે. પણ છતાં ય આખી ય દુનિયા દુઃખી છે, કારણ કે એને દુઃખનું કારણ જ ખબર નથી.

એક પાગલખાનામાંથી બે પાગલ ભાગી છૂટ્યા. દોડતા દોડતા ગામની બહાર નીકળીને દરિયા કિનારે આવ્યા. ત્યાં એક હોડી મળી ગઈ. હલેસા મારતાં મારતાં દૂર નીકળી ગયા. ત્યાં એક પાગલે કહ્યું ‘‘આ હોડીમાં તો કાણું છે. પાણી અંદર આવવા લાગ્યું. હવે શું કરશું ?’’ બીજો પાગલ કહે, ‘‘ચિંતા ન કર, બીજું કાણું પાડી દે. એકમાંથી પાણી આવશે ને બીજામાંથી જતું રહેશે.’’

આપણી સ્થિતિ એ પાગલો જેવી છે. હિંસાના કારણે દુઃખ આવે છે, અને પછી એ દુઃખને દૂર કરવા માટે આપણે બીજી હિંસા કરીએ છીએ. દુઃખથી બચવું હોય, તો એક વાત મગજમાં બરાબર Fit કરી દો -

*Violence is the root of the pain.*

તમારી સમગ્ર દિનચર્યાનું સૂક્ષ્મ નિરીક્ષણ કરો - ક્યાં ક્યાં કેટલી કેટલી હિંસાઓ પડી છે ? અસંખ્ય અને અનંત જીવોનો કચ્ચરઘાણ થાય છે, પછી એક કોળિયો આપણા મોઢામાં જાય છે, **અગણિત કીડાઓની ચટણી થઈ જાય છે, પછી આપણું વાહન એના મુકામે પહોંચે છે.** આપણે એક સ્વીચ ઓન કરીએ છીએ. એની સાથે જ પંચેન્દ્રિય જીવોની કરપીણ હત્યાનું મીટર આપણે નામે ચાલુ થઈ જાય છે.

**What do you think ? શું આ Bill આપણે નહીં ચૂકવવું પડે ?** એક્સીડન્ટમાં એક જ ક્ષણમાં શરીરના ફુરચે ફુરચા ઉડી જાય, એના કરતા બહેતર છે કે આપણા જીવનમાં થતી હિંસાઓને આપણે તિલાંજલિ આપી દઈએ. **કેન્સરની હોસ્પિટલમાં ચીસાચીસ કરતાં કરતાં આપણે જો મરી જઈએ, એના કરતા બહેતર છે કે આપણે જીવદયાને આપણો પ્રાણ બનાવીએ.**

આજે કમ સે કમ આપણે એવો સંકલ્પ કરીએ કે જે હિંસા માત્ર મોજ-શોખ માટેની હોય, જે હિંસા ફક્ત દેખાડા માટેની હોય, અને જે હિંસા ફક્ત ટાઈમ-પાસ માટેની હોય, એ હિંસાને તો હું વાળીઝૂડીને સાફ કરી નાંખીશ. હવે ઘાસમાં આળોટવું કે અભક્ષ્ય ભોજન જમવા એ મારો ભૂતકાળ બની જશે. હવે શોખ માટે ઈલેક્ટ્રીસીટી વાપરવી કે ફરવા જવું

એ મારા માટે અશક્ય બની જશે. હવે હું વિશ્વના દરેક જીવમાં મારી જાતના દર્શન કરીશ. જેટલી મને મારા સુખની ચિંતા છે, એટલી જ હું એમના સુખની પણ ચિંતા કરીશ. **પ્રભુએ કહેલા સમસ્ત ષટ્કાયના જીવો એ મારા વ્હાલસોયા સ્વજન છે. એમની થોડી પણ પીડા એ મારા માટે ત્યાજ્ય બનશે.**

હિંસા એ ગંધાતો સ્વાર્થ છે. હિંસા એ ક્રૂરતા અને નિષ્ઠુરતા છે. **હિંસા એ તુચ્છ અને સાંકડા હૃદયની નીપજ છે. હૃદય જો વિશાળ બને, તો આખી દુનિયામાં પોતાના પરિવારના દર્શન થાય અને હિંસા કરવી, એ તદ્દન અશક્ય થઈ જાય.** આપણને સહુને અહિંસાની આ જ પરિણતિ પ્રાપ્ત થાય. એ ભાવના સાથે વિરમું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

બીજું પાપસ્થાનક **અસત્ય**

પરમ પાવન શ્રી આચારાંગ સૂત્ર કહે છે -

**सच्चम्मि धिइं कुव्वहा**

**एत्थोवरए मेहावी सव्वं पावं कम्मं झोसइ**

તમે સત્યને

તમારી મનગમતી વસ્તુ બનાવી દો,

જે સત્યને ચાહે છે

તેના બધાં જ પાપો નાશ પામી જાય છે.

પાપ એ શું છે ? જે આપણા સહજ સ્વભાવને માફક નથી એ પાપ છે. જેનાથી આપણે ડિસ્ટર્બ્ડ થઈ જઈએ છીએ એ પાપ છે. Lie-Detector જેવું મશીન આ જ Principal ઉપર કામ કરે છે.

Please think well. **આપણી એક બહુ મોટી ગેરસમજ એ છે કે 'પાપથી સુખ મળે.' જે આપણને ભીતરથી સાવ જ ડહોળી નાંખે, એ સુખ કઈ રીતે આપી શકે ?** શાસ્ત્રો તો સ્પષ્ટ કહે છે -

**दुःखं पापात्**

દુનિયાનું કોઈ પણ દુઃખ એક માત્ર

પાપથી જ આવે છે.

શાસ્ત્રો તો હજી પણ આગળની વાત કરે છે -

**एस खलु दुक्खे**

પાપ એ જ દુઃખ છે.

We know. ખોટું બોલનાર માણસ નીચે જોઈ જાય છે, દિલમાં ગિલ્ટી ફીલ કરે છે. બોલવામાં થોડો અચકાય છે. બોલ્યા પછી પસ્તાય

છે. આ બધું અસત્ય-પાપના તાત્કાલિક ફળો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય યોગશાસ્ત્રમાં અસત્યના બીજા ફળો કહે છે -

**मन्मनत्वं काहलत्वं मूकत्वं मुखरोगिताम् ।**

તોતડાપણું, બોબડાપણું, મૂંગાપણું

આ બધાં ખોટું બોલવાના ફળો છે.

ખોટું બોલનારને મોઢાના રોગો પણ થાય છે.

પ્રશ્નવ્યાકરણ નામના આગમસૂત્રમાં સત્ય બોલવાનો અપરંપાર મહિમા જણાવતા કહ્યું છે કે - દુનિયામાં જે પણ મંત્રયોગ, જપયોગ, વિદ્યા, દેવો અને સમૃદ્ધિઓ છે, જે પણ શાસ્ત્રો, શિક્ષણો અને આગમો છે, તે બધાંનો આધાર સત્ય છે. - **सव्वाइं पि ताइं सच्चे पइट्ठियाइं ।**

છગનના મોબાઈલની રીંગ વાગી, છગને નંબર - નામ જોઈને દીકરાને ફોન રિસિવ કરવા કહ્યું. દીકરાએ ફોન રિસિવ કર્યો. છગને એને ઈશારો કર્યો એટલે એ બોલ્યો : ‘‘હલો, અંકલ ! પપ્પા એમ કહે છે કે એ ઘરે નથી, બહાર ગયા છે.’’

ખોટું બોલવાથી જ્યારે બફાઈ જાય અને આપણે પકડાઈ જઈએ, ત્યારે આપણને જરૂર દુઃખ થાય છે. પણ જ્યારે આપણે પકડાઈએ નહીં, ત્યારે આપણને દુઃખ થાય ખરું ? **ડગલે ને પગલે જરા-તરા વાતમાં ખોટું બોલીને આપણને મળ્યું શું ?** શું ખોટું બોલવાથી જ જીવનમાં સુખ મળે ? શું ખોટું બોલવાથી જ પૈસા મળે ? શું ખોટું બોલવાથી જ આપણી છાપ સારી પડે. If you say yes, then you are in a dark ignorance.

મને કહેવા દો, કે આપણે આપણી આભા, આપણું તેજ, આપણું ગૌરવ અને આપણી સમૃદ્ધિ આ બધું જ આપણે ખોટું બોલીને ગુમાવ્યું છે. ઘોર અણસમજમાં આપણે સોનું વેંચીને ધૂળ ખરીદી છે. **અસત્યને સ્વીકારીને આપણે વચનસિદ્ધિની લબ્ધિ ગુમાવી છે, સૌભાગ્ય અને સમૃદ્ધિ ગુમાવી છે. સારા મિત્રો અને સાચો પ્રેમ પણ ગુમાવ્યા છે.**

આપણે ત્યાં એક કાલકાચાર્ય થઈ ગયાં. એમના જીવનમાં એક એવી ઘટના બની ગઈ, જેમાં યા તો એમણે ખોટું બોલવું પડે અને યા તો મરી જવું પડે. કાલકાચાર્યે મરી જવું પસંદ કર્યું, પણ એ ખોટું ન બોલ્યા.

I say જીવનમાં ક્ષુદ્ર અને તુચ્છ બાબતો માટે ઠંડે કલેજે ખોટું બોલતા પહેલા એ સત્ત્વશાળી આત્માને યાદ કરજો. સત્ય પ્રત્યેની એમની નિષ્ઠાને ઓળખવાનો પ્રયાસ કરજો. I promise you. પછી અસત્ય બોલવું એ તમારા માટે અશક્ય બની જશે.

I know, તમારી પણ ક્યારેક લાચારી હોય છે. કોઈ મજબૂરી હોય છે. You say - ખોટું બોલવું પડે છે. પણ ભગવાન કહે છે, **તમે દુઃખી હો, તો ય તમે સત્યના જ શરણે જાઓ, કારણ કે એના વિના દુઃખોનો અંત શક્ય જ નથી.** સત્ય એ આપણા સહુની આદત બની જાય. એ જ ભાવના સાથે વિરમું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

ત્રીજું પાપસ્થાનક **ચોરી**

જીવનમાં ક્યારે પણ ચોરી કરવાનું મન થાય, ત્યારે આપણે આપણી જાતને એક જ પ્રશ્ન પૂછવો જોઈએ કે શું કોઈ મારા પૈસાની કે મારી વસ્તુની ચોરી કરે, તો એ મને ગમશે ? જો ના, તો પછી મારે બીજાની વસ્તુની કે બીજાના પૈસાની ચોરી શી રીતે કરી શકાય.

જિનશાસનનો અર્થ શું છે ખબર છે ? બૃહત્કલ્પ આગમમાં કહ્યું છે -

**जं इच्छसि अप्पणतो**
**जं च ण इच्छसि अप्पणतो ।**
**तं इच्छह परस्सावि**
**एत्तियं जिणसासणं ।।**

તમે જેવું પોતાના માટે ઈચ્છો છો
અને જેવું પોતાના માટે નથી ઈચ્છતા
એ રીતે તમે બીજા માટે પણ ઈચ્છો
આ જ જિનશાસન છે.

**પોતાના માટે કાંઈક બીજું વિચારવું અને બીજાના માટે કાંઈક બીજું વિચારવું - અહીંથી જ બધાં પાપોની શરૂઆત થાય છે. અને પાપનું પરિણામ હંમેશા ખરાબ જ હોય છે.** યોગશાસ્ત્રમાં કહ્યું છે -

**दौर्भाग्यं प्रेष्यतां दास्य-मङ्गच्छेदं दरिद्रताम् ।**

ચોરીના પાંચ ફળ છે -

(૧) દૌર્ભાગ્ય (૨) નોકરપણું (૩) ચાકરપણું
(૪) શરીરના અવયવોનો છેદ (૫) ગરીબી.

એક ચોર જેટલું ચોરતો હોય છે, એનાથી વધુ એ ગુમાવતો હોય છે. એ ગુમાવતો હોય છે એનો આલોક. એ ગુમાવતો હોય છે એનો પરલોક.

એ ગુમાવતો હોય છે એનો ધર્મ. એ ગુમાવતો હોય છે એનું ધૈર્ય. એ ગુમાવતો હોય છે એની ધૃતિ. એ ગુમાવતો હોય છે એનું સુખ-ચેન. ચોર હંમેશા ભયભીત હોય છે. ચોર કદી શાંતિથી સૂઈ શકતો નથી. ચોર હંમેશા ચારે બાજુ શંકાથી જોતો રહેતો હોય છે. ચોરથી એના સ્વજનો પણ ત્રાસી જતાં હોય છે.

હકીકત આ છે. **ચોર કોઈને નથી લૂંટતો, એ પોતાની જાતને લૂંટતો હોય છે.** શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથમાં કહ્યું છે -

**ववहारसुद्धी धम्मस्स मूलं सव्वन्नू भासण ।**

ધર્મનું મૂળ કાંઈ હોય તો

એ વ્યવહારશુદ્ધિ છે.

વ્યવહારશુદ્ધિથી અર્થશુદ્ધિ થાય છે. અર્થશુદ્ધિથી આહારશુદ્ધિ થાય છે. આહારશુદ્ધિથી દેહશુદ્ધિ થાય છે. દેહશુદ્ધિથી મનશુદ્ધિ થાય છે. શુદ્ધ તન-મનથી જે ધર્મ કરવામાં આવે, તે ધર્મ સફળ થાય છે.

**ખોટો પૈસો, પાપનો પૈસો, ચોરીનો પૈસો, આ બધું ખતરનાક સાપ જેવું છે. એને આપણે સંઘર્યો હશે, તો એક દિવસ એ આપણને ડંખ મારશે જ. ને એ દિવસે આપણે ક્યાંયના નહીં રહીએ.** Please, save your self.

એક ચોરને દેહાંતદંડ આપવાનો હતો. એને જોવા માટે થોડા લોકો ભેગા થયા. એમાં છગન પણ હતો. છગન જોવા લાગ્યો. જલ્લાદે ચોરને ઈલેક્ટ્રીક ખુરશી પર બેસાડ્યો. ચોરનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. હવે બસ, સ્વીચ ચાલું થાય એટલી જ વાર... જલ્લાદે ચોરને પૂછ્યું. ‘‘તારી કોઈ છેલ્લી ઈચ્છા છે ?’’ ચોર કહે, ‘‘મારો હાથ પકડો ને, ખૂબ ડર લાગે છે.’’

મને કહેવા દો, કે જે ક્ષણે આપણા પાપો પોકારશે, એ ક્ષણે આપણો કોઈ જ હાથ પકડશે નહીં, એ ક્ષણે અંગે અંગમાં પારાવાર વેદના હશે, **એ ક્ષણે આપણું હૃદય રીતસર તરફડતું હશે, પણ એ ક્ષણે આપણને બચાવનાર**

**કોઈ જ નહીં હોય.** ઉત્તરાધ્યયન આગમમાં કહ્યું છે -

**अप्पा मित्तममित्तं च**

સુકૃત કરતો આત્મા પોતે જ પોતાનો મિત્ર છે.

અને

દુષ્કૃત કરતો આત્મા પોતે જ પોતાનો શત્રુ છે.

ઔપપાતિક આગમમાં અંબડ પરિવ્રાજકની વાત આવે છે. એમણે પોતાના ૭૦૦ શિષ્યો સાથે શ્રાવક ધર્મ સ્વીકાર્યો હતો. એક વાર ગરમીમાં પદયાત્રા કરતાં કરતાં એ બધાંને ખૂબ તરસ લાગી. **ત્યાં નજીકમાં જ પાણી હતું. પણ એ પાણી આપનાર કોઈ ન હતું. વિના આપે લેવું એ તો ચોરી કહેવાય. ને ચોરી કરવા માટે તેઓ હરગીઝ તૈયાર ન હતાં. અસહ્ય તરસમાં અંતિમ આરાધના કરીને તેઓ દેવલોકે સિધાવ્યા.** આવા હોય જિનશાસનના શ્રાવક. આપણે સહુ આ ભૂમિકાને પ્રાપ્ત કરીએ એ જ શુભેચ્છા સહ વિરમું છું.

જિનાજ્ઞાવિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

ચોથું પાપસ્થાનક # મૈથુન

સંસ્કૃત શબ્દકોષમાં મૈથુનનો એક પર્યાયવાચક શબ્દ આપ્યો છે - પશુક્રિયા. **જે વસ્તુ પશુઓને પણ સુલભ છે એને છોડી દેવા અને જે વસ્તુ દેવોને પણ દુર્લભ છે, એને મેળવી લેવા માટે આપણને આ ભવ મળ્યો છે.** અનાદિકાળથી આપણે એટલા જ માટે સંસારમાં રખડી રહ્યા છીએ કે આપણને હજી સુધી વિષયવાસના છૂટતી નથી. શાસ્ત્રો કહે છે -

**अणुभुंजइ मेहुणासत्तो**

સંસારમાં જેટલાં દુઃખો છે,

તે બધાં જ મૈથુનમાં આસક્ત જીવ ભોગવે છે.

એક કૂતરો છે. આમ-તેમ ભટકી રહ્યો છે. ત્યાં એની નજર એક હાડકા પર પડી. એ ખુશાખુશાલ થઈ ગયો, એણે હાડકું મોઢામાં લઈ લીધું. એને જોરજોરથી બચકા ભરવા લાગ્યો. હાડકાને તો એ બચકાથી શું થવાનું હતું ? **ઉલટું કૂતરાના મોઢામાંથી જ લોહી નીકળવા લાગ્યું. કૂતરો એ લોહીને જ પીવા લાગ્યો. એ એને બહુ સ્વાદિષ્ટ લાગ્યું.** એ બિચારાને એવી misunderstanding થઈ ગઈ કે એ હાડકામાંથી જ આ સ્વાદ આવે છે. જોર જોરથી એ હાડકાને બચવા ભરવા લાગ્યો.

ઈન્દ્રિયપરાજયશતકમાં આ ઘટનાનું વર્ણન કરીને કહ્યું છે, કે મૈથુન એ બરાબર આવી જ ઘટના છે. **માણસ એવી ગેરસમજમાં રાચે છે, કે કોઈનાથી એને સુખ મળી રહ્યું છે, બાકી હકીકતમાં તો એ દુઃખી જ થઈ રહ્યો હોય છે.**

મને કહેવા દો, કે જેના માટે આ દુનિયા લાખો ને કરોડો પાપો કરી રહી છે, જેના માટે આ દુનિયા દિવસ-રાત હૈયા-હોળી કરી રહી છે, જેના માટે આ દુનિયા આત્મા અને પરલોકને ભૂલી રહી છે, જેના

માટે આ દુનિયા નરક અને તિર્યંચના દુઃખોની બાબતમાં આંખ આડા કાન કરી રહી છે, એ હકીકતમાં સુખ નથી, પણ દુઃખ જ છે. **મોહરાજાએ આખી દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવ્યા છે ને એટલે જ આખી દુનિયા ઊંધા રવાડે દોડી રહી છે.** કદાચ, આને પાપ કહેવાય એટલું ય એના મગજમાં બેસે એમ નથી. દશવૈકાલિક આગમ કહે છે -

**मूलमेयमहम्मस्स**

**महादोससमुस्सयं**

મૈથુન એ અધર્મનું મૂળ છે.

મૈથુન એ મોટ-મોટા દોષોનો ઉકરડો છે.

માત્ર એક જ વારના મૈથુનમાં **બે થી નવ લાખ જેટલા ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્ય જીવોની ઘોર હિંસા** થાય છે. માત્ર એક જ વારના મૈથુનમાં **અસંખ્ય સંમૂચ્છિર્મ જીવોની કત્લેઆમ** થાય છે. અને માત્ર એક જ વારના મૈથુનમાં **અગણિત બેઈન્દ્રિય જીવોનો કચ્ચરઘાણ** નીકળી જાય છે. પરમ પાવન શ્રીભગવતીસૂત્રમાં નાળિકાના ઉદાહરણથી સમજાવ્યું છે, કે મૈથુનમાં કેટલી બધી હિંસા રહેલી છે ! શું આટઆટલા જીવોને મોતની વેદના આપીને સુખી થવા જવું એ વ્યાજબી ખરું ? એ સુખ પાછું સાચું નહીં, પણ આપણું માનેલું, ભ્રામક. હકીકતમાં દુઃખ જ. Let me say, આ એક જાતની ક્રૂરતા પણ છે અને એક જાતની મૂર્ખતા પણ છે.

છગને એક વાર એના બોસને કહ્યું, ‘‘મારી વાઈફે કહ્યું છે, કે બોસને કહેજો કે પગાર વધારે.’’ બોસે જવાબ આપ્યો, ‘‘સારું, હું મારી વાઈફને પૂછી લઈશ.’’

આ એવું પાપ છે, જેમાં ફસાયેલો જીવ હંમેશા ગુલામ હોય છે, પરાધીન હોય છે, દુઃખી હોય છે. **હકીકતમાં સુખ બહાર છે જ નહીં. સુખ તો ભીતરમાં છે.** સુખ આત્મામાં છે અને આપણા આત્મસ્વરૂપને પ્રગટ કરતાં જિનશાસનમાં છે. જે જ્યાં છે જ નહીં, એ ત્યાં ક્યાંથી મળે ? ચક્રવર્તી

અને દેવો પણ સુખી નથી હોતા. સેંકડો ને હજારો રાણી હોવા છતાં રાજા મરતા સુધી અતૃપ્ત રહ્યા છે. **એક પણ માણસને તૃપ્તિ આપવી એ પણ દુનિયાભરના ભોગોના ગજા બહારની વાત છે.**

યાદ કરો સ્થૂલિભદ્રજીને અને સુદર્શન શેઠને. યાદ કરો સીતાજીને અને અંજનાજીને. **કેટકેટલા વિષમ સંયોગોમાં પણ એમણે પોતાનું શીલ ટકાવી રાખ્યું હતું !** આપણે તો એમના વારસદાર છીએ. એમનો અમૂલ્ય વારસો આપણે ટકાવી રાખીએ. એ જ ભાવના સહ વિરમું છું.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

## પાંચમું પાપસ્થાનક **પરિગ્રહ**

I ask you first a question. which sin is the biggest sin ? કયું પાપ સૌથી મોટું પાપ છે ? કોઈની હત્યા એ મોટું પાપ છે કે સંગ્રહ કરવો એ મોટું પાપ ? Still we are in darkness. બાઈકના વ્હીલ નીચે ગલૂડિયું આવી ગયું તો આપણે ગુરુદેવ પાસે પ્રાયશ્ચિત્ત લેવા દોડી ગયા છીએ. દિવાળીમાં ઘરની સાફ-સૂફ કરવા જતાં કોઈ ઈંડું ફૂટી ગયું. તો આપણે રોતા રોતા ઉપાશ્રયમાં પહોંચી ગયા છીએ. **પણ કદી આપણે વેદના સાથે એ પાપનું પ્રાયશ્ચિત્ત લેવા ગયા ખરા ? કે ગુરૂદેવ ! આ વર્ષે ૧૦ લાખ વધારે કમાયો છું. આ પરિગ્રહનું ભયંકર પાપ મારાથી થઈ ગયું છે.**

No, we don't feel it as a sin. એ આપણને પાપ લાગતું જ નથી. તો સમજી લો કે **જે પાપ આપણને પાપ જ ન લાગે, એ સૌથી મોટું પાપ.** હિંસા અને જૂઠના પાપમાં તો હજી કદાચ આપણને પસ્તાવો થશે, એ પાપ કદાચ આપણને રડાવશે. એ પાપનું તો કદાચ શુદ્ધ પ્રાયશ્ચિત્ત પણ થશે, પરિગ્રહની બાબતમાં આવું કશું જ બનતું નથી. અને માટે જ આ પાપનો મેલ આપણા આત્મા ઉપર વધુ ને વધુ ગાઢ થતો જાય છે.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા જ્ઞાનસારમાં કહે છે -

परिग्रहो ग्रहः कोऽयं
विडम्बितजत्रत्त्रयः ?

શનિ કે મંગળના ગ્રહથી
દુનિયા એટલી દુઃખી નથી
જેટલી એ પરિગ્રહથી દુઃખી છે.
ખરેખર
સૌથી ક્રૂર કોઈ ગ્રહ હોય,
તો એ પરિગ્રહ જ છે.

છગન એક વાર લોનાવાલા ગયો હતો. વળતા ઘાટ પર ટેક્સી પૂરપાટ દોડી રહી હતી. ત્યાં ડ્રાઈવરે એકાએક ચીસ પાડી. છગને પૂછ્યું, ''શું થયું ?'' ડ્રાઈવર ગભરાઈને બોલ્યો. ''બ્રેક ફેઈલ થઈ ગઈ છે. હવે શું કરશું ?'' છગન કહે, ''એમ કર, પહેલા મીટર બંધ કરી દે, બીજું બધું પછી જોયું જશે.''

પરિગ્રહ. **જે બધું ભેગું કરવા માટે હું મારી આખી જિંદગી બગાડી રહ્યો છું, એ બધું ભેગું થઈને મારું મોત તો નહીં બગાડી દે ને ? એની ચિંતા આપણને ખરી ?** Remember, ભેગું કરેલું ભેગું નહીં આવે, પણ ભેગું કરવા માટે ભેગું કરેલું પાપ જરૂર ભેગું આવશે.

જેના પર આપણને મમત્વ છે, એ ખરેખર આપણું દુશ્મન છે. સમજી લો કે કદાચ મરીને આપણે આપણી જ તિજોરીમાં વાંદા કે ગરોળી તરીકે જન્મ લેવો પડશે. આપણા જ સ્ટેમ્પ-પેપરમાં કંથવા થઈને કચરાઈ જવું પડશે, આપણા જ ફ્લેટમાં કરોળિયા થઈને જાળા બાંધવા પડશે ને આપણી જ જમીન પર ઘાસ થઈને ઉગવું પડશે. શું આપ્યું આપણને પરિગ્રહે ?

સંઘરેલો સાપ પણ કામ લાગશે, એ આપણી જુની ગેરસમજ છે. **હકીકતમાં સંગ્રહ એ જ સાપ છે. જે દિવસ-રાત માણસને કાતિલ ડંખ મારતો રહે છે.** પરિગ્રહમાં ચિંતા છે. ત્રાસ છે, દુઃખોના ડુંગરે ડુંગરા છે. સુખ તો છે સંતોષમાં..સુખ તો છે નિઃસ્પૃહતામાં.

चाह गयी चिंता गयी मनवा बेपरवाह
जिसको कछु न चाहिये वोही शहेनशाह

પરિગ્રહનું પાપ જ્યારે તમારા મનમાં પ્રવેશતું હોય, ત્યારે તમે એક કલ્પનાચિત્રને જુઓ. પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ધ્યાનમગ્ન છે. ઉપર આકાશ ને નીચે ધરતી છે. એમની પાસે ફૂટી કોડી ય નથી. અરે, એમના શરીર પર વસ્ત્ર સુદ્ધા નથી. કશું ય નથી. ને તો ય પરમ પ્રસન્નતા એમના મુખ પર છલકાઈ રહી છે. એમના રોમે રોમે સુખની સરવાણીઓ ફૂટી રહી છે. કેટલા સુખી છે એ ! જાણે આખી દુનિયાના બેતાજ બાદશાહ

છે એ. આ જ બતાવે છે, કે **સુખ કાંઈ મેળવવામાં નથી, સુખ તો ત્યાગમાં છે. સુખ કોઈ વસ્તુ પાછળ દોડવામાં નથી, સુખ તો એને છોડવામાં છે.**

સુખનું આ સાયન્સ દુનિયાને સમજાઈ જાય, તો એ કેટલી સુખી થઈ જાય ! કમ સે કમ આપણે આપણાથી એની શરૂઆત કરીએ, એ જ શુભેચ્છા સહ વિરમું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

# ક્રોધ

સમવસરણની બારે પર્ષદા ભરાયેલી હતી. પ્રભુ વીરની અમૃતવાણી ખળ ખળ વહી રહી છે. સમગ્ર પર્ષદાના અંતરના મેલ ધોવાઈ રહ્યા છે. દેશના પૂરી થઈ. પ્રભુ વીરના પ્રથમ ગણધર ઊભા થયા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી. પ્રભુને વંદન કર્યા અને વિનયપૂર્વક એક પ્રશ્ન કર્યો, ''હે ભગવન્ ! ક્રોધ કરવાથી શું ફળ મળે ?'' બધાં જિજ્ઞાસાપૂર્વક પ્રભુના મુખ તરફ જોઈ રહ્યા છે, પ્રભુ શું જવાબ આપશે, તેનું બધાંને કુતૂહલ છે, ત્યાં તો પ્રભુના હોઠ ફરક્યા, ફરી એ મધુર અને ગંભીર નાદ વાતાવરણમાં ગુંજી ઉઠ્યો... **''ગૌતમ ! કોઈ વ્યક્તિ દેશોન પૂર્વકોટિ સુધીનું ઉત્કૃષ્ટ સમયનું ચારિત્ર પાળે એનાથી એને જે પુણ્ય અને જે શુદ્ધિ મળી હોય, એ બધું જ પુણ્ય અને બધી જ શુદ્ધિ ફક્ત એક મુહૂર્તના ક્રોધથી બળીને ખાખ થઈ જાય.''**

जं अज्जियं चरित्तं देसूणाए वि पुव्वकोडीए ।
तं पि कसाइयमित्तो हारेइ णरो मुहुत्तेण ।।

This is the fact. ક્રોધથી મળવાનું કશું જ નથી, અને ગુમાવવાનું છે સર્વસ્વ. શા માટે ક્રોધ કરવો ? કોઈ આપણા કાબુમાં નથી રહેતું એટલા માટે ? Well, **જો આપણું માથું ય આપણા કાબુમાં ન રહેતું હોય, તો આપણે બીજા તો કોના ઉપર કાબુ રાખવાનો આગ્રહ રાખી શકીએ ?**

બીજી વાત, કોના ઉપર ગુસ્સો કરવો ? જેણે આપણું કાંઈ બગાડ્યું છે, એના ઉપર ? તો પછી ક્રોધ ઉપર જ ગુસ્સો કરવો જોઈએ. કારણ કે હકીકતમાં એણે જ આપણું બગાડ્યું છે.

છગન એની પત્ની માટે મોંઘી સાડી લઈ આવ્યો. પણ પત્ની તો ગુસ્સે થઈ ગઈ. છગનને ખૂબ આશ્ચર્ય થયું... ''તને ગુસ્સો આવે છે ?'' પત્ની કહે, ''મને કાંઈ કહો જ નહીં, મને બહુ ગુસ્સો આવે છે.'' છગન કહે, ''પણ શા માટે ? તે Demand કરી'તી એવી સાડી હું લઈ આવ્યો.

એ ભારે છે, સારી પણ છે ને તને ગમે પણ છે. બરાબર ને ?'' પત્ની કહે, ''હા'', છગન કહે, ''તો પછી તને ગુસ્સો શા માટે આવે છે ?'' પત્ની કહે, ''મને એટલે ગુસ્સો આવે છે, કે મેં જે કહ્યું એ તમે લઈ આવવાના જ હતા, તો મેં નેકલેસ કેમ ન મંગાવ્યો ?''

Yes, Anger is always stupid. ગુસ્સાને કદી શાણપણ હોતું જ નથી. **માણસ જ્યારે પોતાનો ટેમ્પર ગુમાવતો હોય છે, ત્યારે એ પોતાનું ઘણું બધું ગુમાવતો હોય છે.** દુનિયા કહે છે કે ગુસ્સામાં માણસ સંબંધોને ગુમાવે છે. સાયન્સ કહે છે કે ગુસ્સામાં માણસ પોતાના સ્વાસ્થ્યને ગુમાવે છે. ભગવાન કહે છે કે ગુસ્સામાં માણસ સંબંધ અને સ્વાસ્થ્યની સાથે સાથે સુખ-શાંતિ પણ ગુમાવે છે. પ્રશમરતિમાં કહ્યું છે -

**क्रोधः परितापकरः**

ક્રોધ એ એવી આગ છે

જે જીવતા માણસને શેકે છે.

I ask you, ગુસ્સો છોડવો છે ? If yes, તો અહમ્ અને આગ્રહ છોડી દો. આ બેમાંથી જ ગુસ્સાનો જન્મ થતો હોય છે. ભગવાન તો આના કરતાં પણ આગળ હતા. પરમ પાવન શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે -

**अप्पइण्णे**

આવું થાય, એવો અભિપ્રાય સુદ્ધા

ભગવાનના મનમાં ન હતો.

એક પણ ઉપસર્ગ વખતે પ્રભુને લેશ માત્ર ગુસ્સો ન'તો આવ્યો. કારણ કે શૂલપાણિએ આવો સ્વભાવ રાખવો જોઈએ, ચંડકૌશિકે મારી સાથે આવું વર્તન કરવું જોઈએ. સંગમે મને વગર વાંકે હેરાન ન કરવો જોઈએ. ગોશાળાએ મારા પ્રત્યે કૃતજ્ઞતા રાખવી જોઈએ, ગોવાળિયાએ ક્રૂરતા ન દાખવવી જોઈએ, એવો એક પણ અભિપ્રાય પ્રભુનો ન હતો.

**અભિપ્રાય અપેક્ષામાં પરિણમે છે, અપેક્ષા આગ્રહમાં પરિણમે છે,**

**આગ્રહ ક્રોધમાં પરિણમે છે. અને ક્રોધ દુર્ગતિમાં પરિણમે છે.**

ક્રોધ કરવો એટલે બીજાની ભૂલની સજા આપણી જાતને આપવી. ક્રોધ કરવો એટલે આંખો બંધ કરીને પૂરપાટ ડ્રાઈવ કરવું. **ક્રોધ કરવો એટલે આપણા પુણ્યની તિજોરીને ગટરમાં ખાલી કરી દેવી.** પાંચ-પચ્ચીશ રૂપિયા માટે પરસેવો પાડતા આપણે આપણી અમૂલ્ય સંપત્તિને સાવ જ વેડફી નાખીએ એ કેવું ? આજે સંકલ્પ કરીએ-ક્રોધ તો નહીં નહીં ને નહીં જ.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

સાતમું પાપસ્થાનક **માન**

લાખો વર્ષોથી દુનિયાના વિચારકો ચિંતન કરતા આવ્યા છે કે **દુઃખનું મૂળ શું છે ?** શું પ્રતિકૂળતા એ દુઃખનું મૂળ છે ? ના, કારણ કે પ્રતિકૂળતા વેઠીને ય માણસ સુખી થતો હોય એવું દેખાય છે, શું દુશ્મન એ દુઃખનું મૂળ છે ? ના, કારણ કે દુશ્મનો હોવા છતાં માણસ સ્વસ્થ હોય, એવું જોવા મળે છે. તો પછી દુઃખનું મૂળ શું છે ? સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજાએ દ્વાત્રિંશિકા ગ્રંથમાં આનો સચોટ જવાબ આપ્યો છે.

दुःखमहङ्कारप्रभवम्

દુઃખનું મૂળ છે એક માત્ર અહંકાર.

માણસ પોતાના અહંકારથી જ દુઃખી હોય છે. અપમાન દુઃખી નથી કરતું. પણ હું સમ્માનને જ લાયક છું આવો અહં દુઃખી કરે છે. **અશાતા દુઃખી નથી કરતી, પણ હું શાતાને જ યોગ્ય છું. એવો અહં દુઃખી કરે છે.** નુકશાન દુઃખી નથી કરતું, પણ મને સતત ફાયદો જ થયા કરે, એવી લાયકાત હું ધરાવું છું આવો અહં માણસને દુઃખી કરે છે.

આ છે સાતમું પાપસ્થાનક માન. દુનિયાનું એક પણ પાપ એવું નથી જેમાં હિંસા ન હોય. **તમે કોઈ પણ પાપની વાત કરો. યા એમાં બીજા જીવની હિંસા છે. યા પોતાના આત્મપરિક્ષણની હિંસા છે.** બીજા જીવની હિંસા થાય કે ન પણ થાય. પોતાના આત્મપરિણામની હિંસા તો દરેક દરેક પાપમાં અવશ્યપણે હોય જ છે. શિકારીએ બાણ છોડ્યું. હરણ બચી ગયું, તો ય હિંસા થઈ છે. કોની હિંસા ? શિકારીની પોતાની હિંસા. માટે જ પરમ પાવન શ્રી આચારાંગસૂત્રમાં કહ્યું છે –

**तुमंसि णाम स च्चेव जं हंतव्वं ति मन्नसि**

એ તું જ છે

જેને તું મારવા માટે ઈચ્છે છે.

હિંસા પાપ છે. કારણ કે એનાથી આપણો આત્મા ઘાયલ થાય છે. જૂઠ પાપ છે કારણ કે એનાથી આપણો આત્મા જખ્મી થાય છે. ચોરી, મૈથુન અને પરિગ્રહ પાપ છે. કારણ કે એનાથી આપણો આત્મા ચૂંથાઈ જાય છે. ક્રોધ પાપ છે. કારણ કે એનાથી આપણો આત્મા ડહોળાઈ જાય છે. **બરાબર એ જ રીતે અહંકાર એ પાપ છે. કારણ કે એનાથી આપણા આત્મસ્વરૂપની કતલ થાય છે.**

છગન એક વાર પાગલખાનાની મુલાકાતે ગયો. એણે જોયું કે બે પાગલો સખત રીતે ઝગડી પડેલા. છેવટે બીજા પાગલો વચ્ચે પડ્યા. એ બંનેને એક મોટા પાગલ પાસે લઈ ગયા. બંનેએ પોતપોતાનો કેસ રજુ કર્યો. એક કહે "I'm prime minister of India." બીજો કહે, "No, I'm prime minister of India." છગન જોઈ જ રહ્યો. એ વિચારવા લાગ્યો કે ભગવાન જાણે. આ મોટો પાગલ કોની ફેવર કરશે ! ત્યાં તો એણે ડિસિજન આપ્યું. "Both cases are refused, Because I'm prime minister of India."

મોટા ભાગની દુનિયાની સ્થિતિ આ પાગલો જેવી છે. જેમણે પોતાને કાંઈક સમજી લીધું છે. I'm something. જ્ઞાનસારમાં કહ્યું છે

**अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्**

અહં અને મમ - હું અને મારું

આ મોહનો એવો મંત્ર છે

જેણે આખી દુનિયાને આંધળી કરી દીધી છે.

હવે કરવું શું ?

શી રીતે આ અંધાપો દૂર કરવો ?

**अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ।**

હું અને મારું આ બંનેની આગળ

એક 'ન' લગાડી દો

તો આ અંધાપો દૂર થઈ જશે.

'ન હું' 'ન મારું'

*I'm nothing*

*I have nothing*

બસ, આખી દુનિયાની સમસ્યાઓ પૂરી.

કલિકાલસર્વજ્ઞે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે **આપણે જે જે વસ્તુનું અભિમાન કરીએ, તે તે વસ્તુને આપણે ગુમાવી દઈએ છીએ.** પૈસાનું અભિમાન કરશો તો પૈસાને ગુમાવી દેશો. રૂપનું અભિમાન કરશો તો રૂપ ગુમાવી દેશો. બળનું અભિમાન કરશો તો બળ ગુમાવી દેશો. જ્ઞાનનું અભિમાન કરશો તો જ્ઞાન ગુમાવી દેશો.

હકીકતમાં આપણી પાસે એવું છે જ શું ? જેનું આપણે અભિમાન કરીએ ? **પૂર્વના મહાપુરુષોનું જે પુણ્ય હતું. એમની જે શક્તિ હતી. એમનો જે પ્રભાવ હતો, એની કમ્પેરમાં આપણે ક્યાં ?** કેટલા આપણા દોષો...! કેટલા પાપો..! કેટકેટલી ભૂલો...! એ બધાનો વિચાર કરીએ તો અભિમાનનો અંશ પણ આપણામાં ન રહે. અહંને જીતવામાં આપણે સહુ સફળ બનીએ એ જ ભાવના સહ વિરમું છું.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# આઠમું પાપસ્થાનક માયા

ચૌદ પૂર્વોનું નવનીત જે આગમમાં સમાયેલું છે. તે પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર. તેમાં માયાનું ફળ બતાવતા કહ્યું છે -

**माया मित्ताणि णासेइ ।**

માયા મિત્રોનો નાશ કરે છે.

મિત્રો એના થઈ શકે, જે સરળ હોય. જેના મનમાં કંઈક બીજું હોય, બોલવાનું કંઈક જુદું હોય અને કરવાનું કાંઈક ત્રીજું જ હોય, એના મિત્રો એનાથી ત્રાસી જાય છે. અને ધીમે ધીમે એની મિત્રતા છોડી દે છે. બીજાને છેતરીને જે માણસ હરખાય છે. એ હકીકતમાં અંધારામાં હોય છે. પુષ્પમાલા ગ્રંથમાં કહ્યું છે કે-

**भुवणं वंचयमाणा वंचयंते स्वमेव हि**

જેઓ દુનિયાને છેતરે છે, તેઓ હકીકતમાં

પોતાની જાતને જ છેતરે છે.

મિત્રો દૂર થાય એ તો બહુ નાનું ફળ છે. માયા કરવાથી સુખ-શાંતિ પણ દૂર થાય છે. અને સદ્ગતિ પણ દૂર થાય છે. તિર્યંચગતિમાં માયાની પ્રધાનતા હોય છે. **માનવભવ પામીને જેઓ માયાને છોડી શકતા નથી, ડગલે ને પગલે માયા કર્યા વિના રહી શકતા નથી, તેઓને ભવાંતરમાં તિર્યંચગતિમાં જવું પડે છે.** પરમ પાવન આગમ શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે -

**आगन्ता गब्भा अणंतसो**

જે ઘોર તપ કરીને શરીરને સાવ જ

સૂકલકડી કરી દે

પણ માયા ન છોડી શકે,

તે અનંતવાર ગર્ભવાસ લે છે.

**મને કહેવા દો, કે કોઈને છેતરીને આપણને જે મળે છે, તેની કિંમત આપણે અનંત વાર જાનવરના અવતારો લઈને, અનંત વાર કીડા-મકોડાના અવતારો લઈને અને અનંત કાળ નિગોદની જેલમાં પૂરાઈને ચૂકવવી પડે છે.** પરમ પાવન શ્રી આચારાંગસૂત્ર કહે છે -

माई पमाई पुण एइ गब्भं

જે માયાવી છે અને જે પ્રમાદી છે

તેને ફરી ફરી ગર્ભાવાસમાં આવવું પડે છે.

શું આ કિંમત ચૂકવવાની આપણી તૈયારી છે ખરી ? પ્રભુ પરમ કરૂણાથી આપણને રોકી રહ્યા છે, **રહેવા દે ભાઈ, આ સોદો કરવા જેવો નથી.** કમાવાનું આમાં કશું નથી અને જે ગુમાવવાનું છે એનો કોઈ પાર નથી.

છગને એક વાર ચશ્માની દુકાન ખોલી. વેકેશનમાં એનો દીકરો ય દુકાને બેસવા લાગ્યો. એક વાર દીકરાએ પૂછ્યું. ''પપ્પા, આ ફ્રેમનો ભાવ શું છે ?'' છગન કહે, ''તું સાવ ડફોળનો ડફોળ જ રહ્યો. આવી રીતે ભાવ ના પૂછાય.'' દીકરો કહે, ''તો કેવી રીતે પૂછાય ?'' છગન કહે, ''જો, ઘરાક ફ્રેમને પસંદ કરી લે અને કિંમત પૂછે, એટલે કહેવાનું - હજાર રૂપિયા... થોડું અટકીને જોવાનું કે એ થડકે છે ? જો એ ન થડકે તો કહેવાનું - ફ્રેમના. અને હજાર રૂપિયા... જરાક અટકવાનું અને જોવાનું કે એ થડકે છે ? જો ન થડકે તો ભાર દઈને કહેવાનું - દરેક ગ્લાસના.

Well, ઘરાક ઉલ્લુ બની જશે, દોઢ-બે હજાર વધારાના મળી જશે, પણ એ ઉલ્લુ બનેલો ઘરાક ઘરે જઈને ઘસઘસાટ સૂઈ ગયો હોય, અને પેલો હોંશિયાર દુકાનદાર અડધી રાતે ય પડખાં ફેરવ્યા કરતો હોય, તો ખરા અર્થમાં ઉલ્લુ કોણ બન્યું ? **સરળતા અને પારદર્શકતા એ આપણી ખરી સમૃદ્ધિ છે. એને રફે-દફે કરીને બે પૈસા મળતા પણ હોય, તો એને ના કહી દેજો.**

માયાવી છેતરીને પણ દુ:ખી જ હોય છે, સરળ વ્યક્તિ છેતરાઈને પણ સુખી જ હોય છે. માયાવી કાંઈ પામીને ય હકીકતમાં ગુમાવતો હોય

છે. સરળ કાંઈ ગુમાવીને પણ હકીકતમાં પામતો હોય છે. બાળક બધાંને ગમે છે. કારણ કે એ સરળ છે. **લોકપ્રિયતા એ સરળતાનું સીધું પરિણામ છે. માયાવી પોતાના કરતૂતોથી ઉલ્ટું લોકોમાં અળખામણો થતો હોય છે.** માયાનું સૌથી મોટું નુકશાન એ છે કે એનાથી આત્માની શુદ્ધિ થવી અશક્ય બની જાય છે. કરુણાસાગર ભગવાન શ્રી મહાવીરસ્વામીએ ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે –

**सोही उ उज्जुभूयस्स**

જે સરળ હોય એની જ શુદ્ધિ થઈ શકે.

માયાના પાપે રુકમી રાજાના એક લાખ ભવ વધી ગયા. માયાના પાપે લક્ષ્મણા સાધ્વીજીને અસંખ્ય કાળની રઝળપાટ કરવી પડી. શું આ પરિણામો આપણને મંજૂર છે ? જો ના, તો આજે સંકલ્પ કરીએ, મારે હંમેશા બાળક જેવા સરળ બની રહેવું છે.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

નવમું પાપસ્થાનક

# લોભ

પોતાના લક્ષ્યને આંબવા માટે એક પ્રવાસી નીકળ્યો છે. એના રસ્તાની બાજુમાં એક નાનો ખાડો આવે છે. એ ખાડો જોઈને એ પ્રવાસીને કાંઈક અધુરપનો અનુભવ થાય છે. એની યાત્રાને બાજુ પર મૂકીને એ ક્યાંકથી થોડી માટી લઈ આવે છે. એ ખાડામાં નાખી દે છે. **એને એમ કે આનાથી એ ખાડો પૂરાઈ જશે. પણ આ શું ? જેવી એણે માટી નાંખી, કે તરત જ એ ખાડો વધુ ઊંડો થઈ ગયો.** એ પ્રવાસી તો સાવ જ ભોંઠો પડી ગયો. હવે શું કરવું ? આ તો અધુરપ વધી ગઈ. ફરી એ કામે લાગી ગયો. આમ તેમ ભટકીને ઘણી બધી માટી લઈ આવ્યો. નાંખી એ ખાડામાં. ને ગજબ... એ ખાડો ઉલ્ટાનો ચાર ગણો ઊંડો થઈ ગયો. એ પ્રવાસી બેહદ દુઃખી થઈ ગયો. ફરી એ માટી ભેગી કરવા મચી પડ્યો. ફરી ખાડો પૂર્યો... બિલ્કુલ પૂરાવાને બદલે એ ખાડો હજી વધુ ઊંડો થઈ ગયો.. ફરી માટી...

યાત્રા બાજુ પર રહી ગઈ. લક્ષ્ય ભૂલાઈ ગયું. પ્રવાસીની ગાડી આડે પાટે ચડી ગઈ. એ હાંફી ગયો. એ હેરાન-પરેશાન થઈ ગયો. એ દુઃખી દુઃખી થઈ ગયો. ને તો ય.. એની અધુરપની પીડા, એનો ખાડો પૂરવાનો પ્રયાસ... આ બધું ચાલુ ને ચાલુ જ રહ્યું.

એ પ્રવાસી એટલે આપણે પોતે. લક્ષ્ય એટલે મોક્ષ અને યાત્રા એટલે મોક્ષમાર્ગની આરાધના. આ યાત્રામાં એક ખાડો આવે છે. આ ખાડો એટલે લોભ. તૃષ્ણા. એની વિશેષતા કહો કે વિચિત્રતા કહો, જેમ જેમ એને પૂરવાનો પ્રયાસ કરો તેમ તેમ એ વધુ ને વધુ ખોદાતો જાય છે.

**लोभखानिरगाधेयं, दुष्पूरा केन पूर्यते ?**
**या तां पूरियितुं क्षिप्तैः, पूरणैरेव खन्यते ॥**

લોભની આ ખાણ અગાધ છે.

ઐને પૂરવી એ બહુ મુશ્કેલ છે.
ઐને પૂરવા મૉટે ઐમાં જે જે નાંખો
ઐનાથી જ એ વધુ ને વધુ
ખોદાતી જાય છે.

છગન એક વાર રસ્તા પરથી જતો હતો. એને રસ્તા પરથી એક ઘોડાની નાળ મળી. એ રાજીનો રેડ થઈ ગયો. એ નાચવા ને કૂદવા જ લાગ્યો. લોકોએ એને પૂછ્યું, ''શું થયું ?'' છગન તો એવો નાચે... એવો નાચે. લોકો કહે, ''થયું શું એ તો કહે.'' છગને પેલી નાળ બતાડીને કહ્યું, ''હવે ત્રણ નાળ ને એક ઘોડો જ બાકી રહ્યો.''

જાણે એ બધું ય રસ્તા પરથી મળી જશે. બિચારો છગન.. **લોભ એક જાતનો માનસિક રોગ છે. એ એક જાતનું ગાંડપણ છે. એક પ્રકારનો વળગાડ છે.** એ જેને વળગે છે. એ માણસ મોત સુધી દોડ્યા જ કરે છે. દોડ્યા જ કરે છે, દોડ્યા જ કરે છે.

I ask you one question, શું લોભ તમને પાપ લાગે છે ખરું ? તમને કંઈક જોઈતું હોય, તો તમે કંઈક ભૂલ કરી રહ્યા છો, એવું તમારા મગજમાં બેસે ખરું ? **લોભમાં શું પાપ, એ કદાચ આપણો પ્રશ્ન છે, લોભ એ સર્વ પાપનો બાપ, એ જ્ઞાનીઓનો જવાબ છે.** પરમ પાવન આગમ શ્રી દશવૈકાલિક સૂત્ર કહે છે -

**लोहो सव्वविणासणो**

લૉભ સર્વનાશ નૉતરે છે.

દેવો પણ જે પાપથી ખરડાયેલા છે, એ પાપ છે લોભ. ક્ષપકશ્રેણિમાં દશમા ગુણસ્થાનક સુધી જે પાપ આત્માનો પીછો નથી છોડતું, એ પાપ છે લોભ. **દુનિયાના મોટા ભાગના જીવોને પળે પળે જે પાપ સતાવે છે, એ પાપ છે લોભ.**

મમ્મણ શેઠ સાતમી નરકે ગયા એ તો આપણને બધાને ખબર છે.

પણ એ શા માટે સાતમી નરકે ગયા એ ખબર છે ? તમે જેને જલસા કહો કે તાગડધિન્ના કહો, એવું કશું જ મમ્મણ શેઠે કર્યું ન હતું. એ તો બિચારો તેલ ને ચોળા ખાતો હતો, ફાટેલા કપડા પહેરતો હતો. તો ય એ નરકે ગયો, છે...ક સાતમી નરકે. શા માટે ? કારણ એ જ હતું - લોભ.

**આજના લોભીઓની હાલત કદાચ મમ્મણ કરતાં ય ખરાબ થવાની છે.** શાસ્ત્રમાં ક્યાંય એવું નથી લખ્યું કે મમ્મણે ચોરી કરી. શાસ્ત્રમાં ક્યાંય એવું નથી લખ્યું કે મમ્મણે અનીતિ કરી. એ તો કડકડતી ઠંડીમાં નદીમાંથી લાકડું કાઢવા માટે મજૂરી કરતો હતો. તોય લોભના કારણે એ સાતમી નરકે ગયો. Think well. આપણું શું થશે ? લોભ ને થોભ કહી દઈએ અને સંતોષને આત્મસાત્ કરી લઈએ, એમાં જ આપણું કલ્યાણ છે.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# રાગ

આપણી બરાબર નીચે અસંખ્ય અસંખ્ય અસંખ્ય યોજનો પસાર થઈ જાય ત્યાં એક વ્યક્તિ બૂમો પાડી રહી છે - બ્રહ્મદત્ત... બ્રહ્મદત્ત.. બ્રહ્મદત્ત. અને એ વ્યક્તિની પણ અસંખ્ય યોજનો નીચે એક વ્યક્તિ બૂમો પાડી રહી છે.. કુરુમતી... કુરુમતી... કુરુમતી.. બંને અસહ્ય વેદનાને ભોગવી રહ્યા છે, એવી વેદના કે જે અહીંના કતલખાનાઓની વેદનાને પણ સારી કહેવડાવે... હજી તો એમણે અસંખ્ય અસંખ્ય અસંખ્ય.. કરોડો અબજો અસંખ્ય વર્ષો સુધી એ ભયાનક વેદનાને સહન કરવાની છે. What do you think ? કયું પાપ કર્યું હશે એમણે ? Yes, that was રાગ. એ બંને પૂર્વભવમાં એક બીજાના રાગમાં લપટાયા હતાં. **બ્રહ્મદત્ત છેલ્લા શ્વાસ સુધી કુરુમતીનો રાગ છોડી શક્યો ન હતો.** કુરુમતી... કુરુમતી... કરતા કરતા જ એ મૃત્યુ પામ્યો અને એનો આત્મા સીધો સાતમી નરકમાં જતો રહ્યો. કુરુમતી બ્રહ્મદત્તના રાગના પાપે મરીને સીધી છટ્ઠી નરકમાં પહોંચી ગઈ.

Please tell me, કુરુમતીએ બ્રહ્મદત્તને શું આપ્યું ? અને બ્રહ્મદત્તે કુરુમતીને શું આપ્યું ? મને કહેવા દો, કે તેઓ જેને સૌથી વધુ ચાહતા હતા, **તેઓ જેના પ્રેમમાં પાગલ હતા, તે જ તેમના ખરા દુશ્મન હતાં.** સમાધિતંત્રમાં કહ્યું છે -

**मूढात्मा यत्र विश्वस्त - स्ततो नान्यद् भयास्पदम् ।**
**यतो भीतस्ततो नान्य-दभयं स्थानमात्मनः ।**

રાગીને જે ગમે છે
એ જ એના માટે સૌથી વધુ
ભયંકર હોય છે.
રાગી આત્મહિતની જે વાતથી ડરીને દૂર ભાગતો હોય છે.
એના જેવું આત્માનું અભય-સ્થાન બીજું કશું જ નથી.

છગન થાકી પાકીને ઓફિસથી ઘરે આવ્યો. બંને દીકરાઓ વચ્ચે ખૂંખાર લડાઈ જામી હતી. છગનનો પિત્તો ગયો. એણે રીતસરની રાડ પાડી, ''તમે બે આખો દિવસ ઝગડ્યા જ કરો છો, તમારા વચ્ચે મનમેળ જ નથી.'' નાનો દીકરો કહે, ''ના પપ્પા, અમારો હંમેશા મનમેળ હોય છે. અમારા બંનેનું મન એક જ છે. મારે પણ મોટું એપલ ખાવું છે અને ભાઈને પણ મોટું એપલ ખાવું છે.''

જ્યાં રાગ છે ત્યાં યુદ્ધ છે. ત્યાં અશાંતિ છે. ત્યાં સંક્લેશ છે. **રાગ એ નાગ છે. જે આપણે સમજી પણ ન શકીએ, એ રીતે આપણને કાતિલ ડંખ મારતો રહે છે.** આખા સંસારનું... ચાર ગતિના દુઃખોનું.. ચોર્યાશી લાખ યોનિની રઝળપાટનું કોઈ મૂળ હોય, તો એ છે રાગ. એક માત્ર રાગ.

રાગ ચાહે પૈસાનો હોય, સ્ત્રીનો હોય, શરીરનો હોય. સત્તાનો હોય કે સમ્માનનો હોય, એ આપણને એટલા માટે જ થાય છે, કે આપણે તે તે પદાર્થોને બરાબર ઓળખ્યા જ નથી. સંસારનો એક પણ પદાર્થ એવો નથી, કે જેની એવી લાયકાત હોય કે આપણે એના પર રાગ કરીએ ને એ રાગ યોગ્ય હોય. **રાગથી છૂટવાનો આ જ ઉપાય છે. એ વસ્તુને ઓળખો. બરાબર ઓળખો. એને માત્ર ઉપરછલ્લી દૃષ્ટિએ નહીં જુઓ. એને આર-પાર જુઓ. એનો માત્ર વર્તમાન ન જુઓ, એના ભૂત-ભાવિ પણ જુઓ.** ને આ બધું જો જુઓ, તો ખલાસ, એ જ ક્ષણે રાગ ઓગળી ગયા વિના રહેશે નહીં.

૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ.હરિભદ્રસૂરિ મહારાજા યોગશતકની ટીકામાં કહે છે -

**अतत्त्वदर्शननिबन्धनो हि रागः**
**स हि तत्त्वदर्शने निवर्तत एव ।**

ખોટું જોવાના કારણે જ રાગ થતો હોય છે.
જ્યારે સાચું જોવામાં આવે
ત્યારે તો એ રાગને દૂર થયે જ છૂટકો છે.

દીકરાનો ખરો ચહેરો પરખાઈ જાય, ત્યારે એના પર રાગ ક્યાં રહે છે ? પચાસ વર્ષ પછીની સ્થિતિ સમજાઈ જાય. તો સ્ત્રીના રૂપ ઉપર રાગ ક્યાં જાગી શકે છે ? પૈસાનો અંતિમ અંજામ સમજાઈ જાય. તો પછી એના પરનો મોહ ક્યાં ઊભો રહે છે ?

એક ભૂંડને ઉકરડા અને ભૂંડણ પર જે રાગ થાય છે અને આપણને આપણા વિષયોમાં જે રાગ થાય છે, એ બે વચ્ચે હકીકતમાં કોઈ જ ફરક નથી, કારણ કે **અણસમજ તો બંને બાજુ સમાન જ છે.** Let's beat our રાગ. એ સિવાય મોક્ષ મળે એવી કોઈ જ શક્યતા નથી.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**मित्ती मे सव्वभूएसु** - આ જિનશાસનમાં એન્ટર થવા માટેનો એન્ટ્રી પાસ છે. ભગવાન કહે છે, કે **જ્યાં સુધી દુનિયાના એક પણ જીવ પ્રત્યે તારા હૃદયમાં દ્વેષભાવ છે, ત્યાં સુધી તને મારા શાસનમાં પ્રવેશ મળવો શક્ય નથી.** માત્ર સામાયિક-પૂજા કરીને જો આપણે આપણી જાતને જિનશાસનના સભ્ય માનતા હોઈએ, તો હજી આપણે જિનશાસનના તત્ત્વને બરાબર સમજ્યા નથી. આત્મનિરીક્ષણ કરો, કોના પ્રત્યે આપણા દિલમાં દ્વેષ છે ? એના પ્રત્યેની આપણા હૃદયની બધી જ કડવાશ કાઢી નાખો. હૃદયમાં એના પ્રત્યે મૈત્રીભાવનું માધુર્ય ભરી દો. જિનશાસન કહે છે, આના વિના બીજી બધી આરાધનાઓ વ્યર્થ થઈ જશે. સમરાદિત્યકથામાં કહ્યું છે -

**एगस्स तओ मोकखोऽणंतो बीयस्स संसारो ।**

ઉપશમભાવના ગુણાકારો કરીને

ગુણસેનનો જીવ મોક્ષે જતો રહ્યો

અને

દ્વેષભાવના ગુણાકારો કરીને

અગ્નિશર્માનો જીવ અનંત સંસારની વાટે ચડી ગયો.

બીજાએ શું ભૂલ કરી ? એનો શું વાંક હતો ? આપણો શું બચાવ હતો ? એવું કશું જ જોવા કે સાંભળવા માટે કર્મસત્તા તૈયાર નથી. **કર્મસત્તાની તો એક જ વાત છે. કે તમે દ્વેષ કર્યો ને ? હવે તમે એનું ફળ ભોગવો.**

Please tell me, આપણે શા માટે દ્વેષ કરશું ? કોઈએ આપણને હેરાન કર્યા માટે ? તો એ તો આપણા જ કર્મનું ફળ હતું. સામી વ્યક્તિ તો નિમિત્તમાત્ર હતી. એના પર દ્વેષ કરીને આપણે ફરી કર્મો બાંધવા ? ને ફરી દુઃખી થવું ?

શા માટે આપણે દ્વેષ કરશું ? કોઈ વ્યક્તિ ખરાબ છે - દોષિત છે માટે ? તો એ બિચારી એના કર્મોનું ફળ ભોગવવાની જ છે, તો આપણે પડેલાને લાત મારશું ? એના પર દ્વેષ કરીને આપણે ય દોષિત થઈ જશું ? **તો પછી આપણામાં ને એનામાં ફરક જ શું રહેશે ?** ને પછી આપણે એને ધિક્કારીએ એ પણ શી રીતે યોગ્ય ઠરશે ?

દુનિયાની પાપીથી ય પાપી, નીચથી પણ નીચ વ્યકિત હોય, એના ઉપર પણ દ્વેષ કરવો એ ઉચિત નથી જ. ઉચિત છે જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવ. ઉચિત છે ગુણવાનો પ્રત્ય પ્રમોદભાવ. ઉચિત છે દુઃખી પ્રત્યે કરુણાભાવ અને ઉચિત પાપી પ્રત્યે માધ્યસ્થ્યભાવ. **અસદ્‌ભાવ, દ્વેષભાવ, વેરભાવ એ સર્વથા અનુચિત છે.**

છગન એક વાર ટહેલવા નીકળ્યો. ત્યાં તો બાજુના મકાનની બારીમાંથી એક ઈંટ પડી. છગન જરાક માટે બચી ગયો, નહીં તો માથું જ ફૂટી જાત. છગન ધુઆપુઆ થઈ ગયો. ઈંટ ઉપાડીને એ મકાનમાં જતો રહ્યો... બતાવી દઉં એને... સમજે છે શું એના મનમાં... ઠોકી જ દઉં એને... આવા વિચારોના ધમસાણમાં છગન ધડાધડ દાદરા ચડતો હતો. ત્યાં દરવાજો આવી ગયો. છગને ઈંટથી જ દરવાજો ખખડાવ્યો. ધાડ્ ધાડ્ ધાડ્... ને બારણું ખુલ્યું. સામે દોઢસો કિલો વજનવાળો ને છ ફૂટની હાઈટવાળો પહેલવાન ઊભો છે. છગનના તો એને જોતાની સાથે મોતિયા મરી ગયા. એ રીતસર ધ્રુજવા લાગ્યો. પેલા પહેલવાને તો ત્રાડ નાખી... ‘‘अबे क्यां है रे ?’’ છગન બોલી શકતો નથી... ત ત..ફ ફ.. થાય છે.. શું કહેવું એ ય સૂઝતું નથી. ત્યાં તો પહેલવાને હજી જોરથી ત્રાડ નાખી, ‘‘बोल क्यों आया ?’’ છગન માંડ માંડ બોલ્યો, ‘‘ये आपकी इंट गिर गई थी न, वो देने को आया ।’’

ભલે હસવાની વાત છે. પણ ભગવાન એમ કહે છે, કે **જો શરીરની સુરક્ષા માટે દ્વેષભાવ પર વિજય મેળવી શકાતો હોય, તો આત્માની સુરક્ષા માટે દ્વેષભાવ પર વિજય કેમ ન મેળવી શકાય ?** પહેલવાન કદાચ વધુમાં

વધુ એક મૃત્યુ આપશે. દ્વેષભાવ અનંત મૃત્યુ આપશે. ડરવું હોય તો ભીતરના દોષોથી ડરો. બહાર કોઈથી ડરવાની જરૂર જ નથી.

આપણી અને મોક્ષની વચ્ચે બે જ વસ્તુ છે. રાગ અને દ્વેષ. એ બંને જતા રહે, એટલે મોક્ષ આપણા હાથવેંતમાં છે. ત્રિપિટક ગ્રંથમાં કહ્યું છે -

**भग्गरागो त्ति भगवा, भग्गदोषो त्ति भगवा ।**

રાગ ભાંગી જાય એટલે તમે ભગવાન.

દ્વેષ ભાંગી જાય એટલે તમે ભગવાન.

આ જીવનમાં આથી વધુ બીજું કશું જ કરવા જેવું નથી. અને આથી વધુ બીજું કશું જ કરવા જેવું નથી. અને આથી વધુ બીજું કાંઈ છે પણ નહીં.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## બારમું પાપસ્થાનક કલહ

કલહનો અર્થ છે યુદ્ધ- લડાઈ-ફાઈટિંગ-ઝગડો. કેટલાક લોકો એવા હોય છે, જેમને ઝગડો ન કરે તો ચેન ન પડે. કેટલાક લોકો એવા હોય છે કે જેમને ઢિસૂમ ઢિસૂમ વાળી મુવી જોવાની ખૂબ જ મજા આવે છે. કેટલાક બાળકોનું પ્રિય રમકડું પિસ્તોલ હોય છે. ને પ્રિય વિડિયો ગેમ ફાયરિંગની હોય છે. આ બધું જ પાપસ્થાનક છે.

કલહને કારણે દુનિયામાં વખતોવખત લાખો ને કરોડો માણસો મરતા આવ્યા છે. કલહને કારણે લોહીની નદીઓ વહી છે. **કલહને કારણે વેરભાવની હોળીઓ સળગી છે.** કલહને કારણે સુખ-શાંતિનું સત્યાનાશ નીકળી ગયું છે. સુખી થવા માટે કલહ કરવો, એ જીવવા માટે ઝેર ખાવા બરાબર છે. નીતિવાક્યામૃત ગ્રંથમાં લખ્યું છે.

**पुष्पैरपि युद्धं नीतिविदो नेच्छन्ति**

જેઓ નીતિના જાણકારો છે, તેઓ તો ફૂલોથી પણ

યુદ્ધ કરવા ઈચ્છતા નથી.

યુદ્ધ જ ખરાબ. પછી એ શસ્ત્રોથી હોય કે ફૂલોથી હોય. **આપણે તો આપણા દોષો સાથે લડવાનું છે. એમના પર વિજય મેળવવાનો છે. આપણા જીવનની સાર્થકતા એમાં જ રહેલી છે.** પરમ પાવન આગમ શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે -

**जुद्धारिहं खलु दुल्लहं**

આ ભવ - આ સામગ્રી ખરેખર દુર્લભ છે

એનો ઉપયોગ ભીતરના દોષોની સાથે યુદ્ધ કરવામાં જ

કરવા જેવો છે.

આ જ છે આપણી શૂરવીરતાનું ખરૂ કાર્યક્ષેત્ર. જો આ ખરૂં કામ બાકી

રહી જતું હોય, તો બહાર આપણે ગમે તેટલી ઉથલ-પાથલ કરીએ. ગમે તેટલાને ચૂપ કરી દઈએ, ગમે તેટલા પર વિજય મેળવી લઈએ. એ બધાંનો કશો જ અર્થ રહેતો નથી.

છગનનો છોકરો એક વાર સ્કુલમાં ઘણો મોડો આવ્યો. ટિચરે એને રિઝન પૂછ્યું, એ કહે, ''મારા મમ્મી-પપ્પા ફાઈટીંગ કરતા'તાં એટલે...'' ટિચર કહે ''એમાં તું મોડો કેમ આવ્યો ?'' એ કહે, ''મમ્મી-પપ્પા મારા જ બૂટથી ફાઈટીંગ કરતાં'તાં.''

પતિ કે પત્ની પર શૂરાતન બતાવવું સહેલું છે, સાસુ કે વહુ પર રુઆબ મારવો હજી સહેલો છે. નોકર કે પડોશી સાથે તડાફડી કરી દેવી બિલ્કુલ કઠિન નથી. **ખરું સત્ત્વ જોઈએ છે ભીતરની વિષયવાસનાને જીતવામાં, ખરું બળ જોઈએ છે પ્રમાદોને સમાપ્ત કરી દેવામાં.** અહીં જેનો પન્નો ટૂંકો પડે છે, એ બહાર કદાચ આખી દુનિયાને જીતી લે, તો ય હકીકતમાં એ પરાજિત છે, હારેલો છે. પરમ પાવન આગમ ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે -

एगं जिणेज्ज अप्पाणं

एसो से परमो जओ

એક પોતાની જાતને જીતી લે

એ પરમ વિજય છે.

એક કૂતરાની લાઈફને કદી તમે જોઈ છે ? એનું ખાવાનું, પીવાનું, રહેવાનું, સૂવાનું.. કશું જ નિશ્ચિત નહીં. સીધા શબ્દોમાં કહીએ તો કોઈ જ જાતનું ઠેકાણું નહીં. અહીં જાય તો ત્યાં બધા હટ્ હટ્ કરે અને ત્યાં જાય તો ત્યાં બધા હટ્ હટ્ કરે, આજે થોડું ખાવાનું મળ્યું ને કાલે કદાચ ભૂખ્યા ય રહેવું પડે. ઠંડી-ગરમી-વરસાદ All seasons are the tuf-times for him. Can you imagine ? How is his life ? **પણ આ બધાં દુઃખોની વચ્ચે ય જો તેઓ પરસ્પર ઝગડે નહીં ને, તો ય તેઓ થોડા સુખી થઈ જાય.** બીજા કૂતરા સામે ઘુરકિયા કરવા, જોર જોરથી ભસવું, દોડવું, પાછળ પડી જવું ને કરડી ખાવા સુધીના પ્રયત્નો કરવા... આ બધી

વૃત્તિથી કૂતરો શું કરે છે ? He just makes his tuf-time more horrible.

Are you agree with me. O.K. Now I come to the point. એક કૂતરાની લાઈફમાં એની રીતના દુઃખો હોય છે. તેમ આપણી લાઈફમાં આપણી રીતના દુઃખો હોય છે. દુઃખો તો આપણે પણ છે જ. **ઉપરથી આજનો માણસ ઘણી બાબતોમાં કૂતરા કરતાં પણ વધુ ખરાબ જિંદગી જીવતો હોય છે.** પણ તો ય જો એ પરસ્પર ઝગડવાનું છોડી દે, તો ય એ કંઈક સુખી થઈ જાય. બીજા સાથે બોલાચાલી કરવી, ગાળાગાળી કરવી. મારામારી પર આવી જવું, કોર્ટ સુધી જવું - આ બધું જ પોતાના પગ પર કુહાડો મારવા જેવું છે. કલહ બધી રીતે ખરાબ છે. આલોક માટે પણ અને પરલોક માટે પણ. Let's be free from it.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

તેરમું પાપસ્થાનક

# અભ્યાખ્યાન

એક ઘરમાં દેરાણી અને જેઠાણીનો ઝગડો થયો. દેરાણીએ આવેશમાં ને આવેશમાં જેઠાણીને કહી દીધું – "આટલો બધો રુવાબ શાનો મારો છો ? તમે તો વાંઝિયણ છો વાંઝિયણ. સાત વરસ થયા લગનને, હજી સુધી એકે ય છોકરું થયું છે ?"

વાત પૂરી. જેઠાણી એમના રૂમમાં જતાં રહ્યા. બારણું બંધ થઈ ગયું. એક કાગળમાં જેઠાણીએ લખ્યું, "વાંઝિયણ – એવું મહેણું સહન ન થવાથી હું મારું જીવન ટૂંકાવી રહી છું."

ખાસ્સો સમય થયો. દરવાજો ખુલ્યો જ નહીં. છે'ક એમના પતિ આવ્યા ત્યારે તેમણે દરવાજો ખોલ્યો. **અંદરનું દૃશ્ય જોઈને એ બેભાન થઈને ઢળી પડ્યા. પંખા ઉપર ફાંસો ખાધેલી એમની પત્નીની લાશ લટકતી હતી.**

નાનો ભાઈ – ભાભી દોડી આવ્યા. દૃશ્ય જોઈને અવાચક થઈ ગયા. નાના ભાઈએ ચિટ્ઠી વાંચી. તરત ફાડી નાખી. મોટા ભાઈને હોસ્પિટલમાં એડમિટ કર્યા. સ્મશાનયાત્રા નીકળી. મોટા ભાઈ ઘરે તો આવ્યા પણ સતત રડતા રહ્યા ને બોલતા રહ્યા. આખરે એણે શા માટે ...? **નાના ભાઈ અને ભાભી હૃદયમાં એ બોજો ભરીને બેઠા હતા. જેને જીવનપર્યંત તેઓ ઉતારી શકે તેમ ન હતા.**

આ છે પાપસ્થાનક... અભ્યાખ્યાન.. કોઈના ઉપર કોઈ દોષનું આરોપણ. દેખીતી રીતે કદાચ એ નાનું પાપ લાગે. But we can see, પાપ કદી નાનું હોતું જ નથી.

પરમ પાવન આગમ શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે –

**काणं काणे त्ति णो वए ।**

કાણાને પણ કાણો ન કહેવો.

**तेणं चोरे त्ति णो वए ।**

ચોરને પણ ચોર ન કહેવો.

**ધર્મ તો ઘણી ઊંચી વસ્તુ છે, આપણી માનવતા અને આપણી સજ્જનતા પણ આપણને અભ્યાખ્યાન કરવાથી રોકે છે.**

કોઈએ એક વાર છગનને કહ્યું, ''તું મગન માટે ઘણું સારું બોલે છે, પણ મગન તારા માટે ઘણું ખરાબ બોલે છે.'' છગન ચિડાઈને બોલ્યો, ''અમે બંને ખોટું બોલીએ છીએ.''

અભ્યાખ્યાન કોઈને ય ગમતું નથી. We Know very well. આપણને ય નથી ગમતું. **બીજાને નહીં ગમતું કરીને આપણે શું કમાણી કરી ?** બીજાને અળખામણા થયા. સંબંધ બગડ્યો. આપણું ને એનું માથું ખરાબ કર્યું. ત્યારે સિચ્યુએશન આના કરતા પણ બગડશે. This is nothing but a pure foolishness.

અભ્યાખ્યાનને છોડવું હોય, તો એની શરૂઆત આંખથી કરવી જોઈએ. બધાંને મીઠી નજરથી જુઓ. આંખોમાં અમી ભરી લો. બધાં સારાં છે. ખૂબ સારા છે, એમ માનીને ચાલો. આવું માનીને ચાલવાથી પહેલો ફાયદો એ થાય છે, કે સામેવાળી વ્યક્તિ કદાચ ખરાબ પણ હોય, તો ય તમારી સાથે તો સારી રીતે જ વર્તન કરશે. બીજો ફાયદો એ છે કે અંતરથી બીજાને સારાં જ માન્યા હશે, તો કદી પણ તેમના માટે અભ્યાખ્યાન કરવાનો પ્રસંગ જ નહીં બને.

**આપણું હૃદય, આપણી આંખ અને આપણી જીભ- જો આટલું અમીમાં ઝબોળી દઈએ તો આપણું આખું ય જીવતર ને જન્મોજનમ ધન્ય થઈ જાય.**

અભ્યાખ્યાન એ હિંસા છે. શસ્ત્રો દ્વારા થતી હિંસા કરતાં પણ આ હિંસા વધુ ભયંકર છે. કારણ કે શસ્ત્રોના ઘા હજી ક્યારેક રુઝાય છે. શબ્દોના ઘા રુઝાતા નથી. મહાભારતમાં કહ્યું છે -

**रोहते सायकैर्विद्धं वनं परशुना हतम् ।**
**वाचा दुरुक्तं बीभत्सं, न संरोहति वाक्क्षतम् ॥**

જે જંગલ બાણોથી વીંધાઈ ગયું હોય અને કુહાડાઓથી છિન્ન -ભિન્ન થઈ ગયું હોય, એ ફરી ઉગી નીકળે છે. પણ મર્મવેધી ખરાબ શબ્દોથી વાણી દ્વારા જે પ્રહારો કરવામાં આવ્યા હોય, એના ઘા રુઝાતા નથી.

**એક બાજુ કીડીની પણ દયા કરનારા આપણે પંચેન્દ્રિય મનુષ્યની આવી ભયંકર હિંસામાં નિમિત્ત ન બની જઈએ, એ માત્ર ને માત્ર અભ્યાખ્યાનત્યાગથી જ શક્ય બની શકે તેમ છે.** Let's try for it.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# પૈશુન્ય

પૈશુન્યનો અર્થ છે ચાડીચુગલી - ગમે ત્યાંથી બીજાના દોષો જોવાની વૃત્તિ. હૃદયમાં ઈર્ષ્યાનું ઝેર હોય અને આંખોમાં તીખાશ હોય એ પૈશુન્ય છે. માણસ હકીકતમાં બીજા કોઈને નથી જોતો. પોતાની જાતને જુએ છે. જેવો એ પોતે છે, એવા એને બીજા દેખાય છે. **કોઈ સજ્જનને પૂછો કે દુનિયા કેવી છે ? એ કહેશે - દુનિયા સજ્જન છે. કોઈ દુર્જનને પૂછો કે દુનિયા કેવી છે ? એ કહેશે - દુનિયા દુર્જન છે. We see ourself only.**

ભીષ્મ પિતામહે એક વાર દુર્યોધન અને યુધિષ્ઠિરને બોલાવ્યા. બંનેને કાગળ અને કલમ આપી. દુર્યોધનને કહ્યું કે આખા હસ્તિનાપુરના સજ્જનો નું લિસ્ટ કરી લાવ. યુધિષ્ઠિરને કહ્યું કે આખા હસ્તિનાપુરના દુર્જનોનું લિસ્ટ કરી લાવ. સાંજે બંને હાજર થયા. બંનેના કાગળ સાવ કોરા હતા. નગર એનું એ જ હતું. ત્યાં ચોરો, જુગારીઓ અને દારૂડિયા પણ હતા અને સંતો, સજ્જનો અને દાનવીરો પણ હતાં. છતાં યુધિષ્ઠિરને કોઈ દુર્જન ન લાગ્યું અને દુર્યોધનને કોઈ સજ્જન ન લાગ્યું.

દુનિયા અનાદિકાળથી આવી ને આવી જ છે. શાસ્ત્રો કહે છે -

**न कदाचिदनीदृशं जगत्**

દુનિયા ક્યારે પણ આવી ન હતી, એવું નથી.

દુનિયામાં દુર્જનો પણ હંમેશા રહેવાના અને સજ્જનો પણ હંમેશા રહેવાના.

**राम के जमाने में भी रावण का वंश था**
**कृष्ण के समय में भी मोजूद कंस था,**
**इतिहास में कभी ऐसा समय नहीं आया**
**जब सरोवर में बग नहीं केवल हंस था ।**

લાખ રૂપિયાનો સવાલ એ જ છે કે આપણને શું દેખાય છે ? દુર્જનને આપણે સજ્જન તરીકે જોઈશું, તો એનાથી દુર્જન સજ્જન થઈ જવાનો - એવું તો ડેફિનેટલી ન કહી શકાય, પણ એનાથી આપણી સજ્જનતા સુરક્ષિત થઈ જવાની, એટલું ડેફિનેટ છે.

છગનથી એક વાર બહુ મોટી ભૂલ થઈ ગઈ. એ ભૂલ જાહેર થઈ જાય, તો છગનની બહુ મોટી બદનામી થઈ જાય એવું હતું. કમનસીબે એક પાંચ વર્ષનો ટેણિયો છગનની આ ભૂલ જોઈ ગયો હતો. છગને એ ટેણિયાને કહ્યું, ''જો તું આ વાત કોઈને નહીં કહે ને, તો હું તને સરસ ચોકલેટ આપીશ.'' ટેણિયો ય જબરો નીકળ્યો. એ કહે, ''મને ચોકલેટ નથી ભાવતી.'' છગને કહ્યું, ''તું આ વાત એકદમ ખાનગી રાખીશ તો હું તને નવું ક્રિકેટ-બેટ આપીશ.'' ટેણિયાએ તરત છણકો કર્યો. ''એ તો મારી પાસે છે.'' છગન કહે, ''હું તને સરસ જિન્સ અપાવીશ.'' ટેણિયાએ ધરાર વિરોધ નોંધાવ્યો. ''એનું મારે શું કરવું છે ?'' **હવે છગન અકળાયો, ''બોલ, તો તારે શું કરવું છે ?'' ટેણિયો લુચ્ચું હસીને બોલ્યો, ''મારે તો આ વાત બધાને કહેવી છે.''**

પૈશુન્ય એ નેગેટિવનો પક્ષપાત છે. મીડિયા નેગેટીવને જ પ્રમોટ કરે છે. એ સમાજના પૈશુન્યનું પ્રતિક છે. છાતી પર હાથ રાખીને આપણે આપણી જાતને પૂછીએ, કે આપણને સારી ઘટનાના સમાચારમાં વધારે રસ છે ? કે ખરાબ ઘટનાના સમાચારમાં ? માનવતાનું કોઈ સારું કામ થયું હોય એના Newsનું આપણને વધારે આકર્ષણ છે ? કે પછી ખૂન, ચોરી ને કૌભાંડોના Newsનું આપણને વધારે આકર્ષણ છે ?

**મને કહેવા દો કે બહારથી આપણે ભલે યુધિષ્ઠિરને પસંદ કરતા હોઈએ, ભીતરથી આપણા હૃદય સિંહાસન પર તો આપણે દુર્યોધનને જ બેસાડ્યો છે.** અસત્ - નો આ પક્ષપાત જ સાબિત કરે છે, કે ભીતરથી આપણે દુર્યોધન જ છીએ.

જ્યારે આપણી પોતાની જ કન્ડિશન આટલી સિરિયસ છે, ત્યારે આપણે

બીજાની ઈર્ષ્યા કરીએ, એમના દોષો જોઈએ, એમની ચાડી-ચુગલી કરીએ અને એમને દુર્જન તરીકે સાબિત કરવા માટે મથામણ કરીએ, એ કેટલી કરુણ વાત !

**દુનિયાનો દરેક જીવ હકીકતમાં સિદ્ધનો આત્મા છે.** સોનાની લગડી શો-રૂમમાં હોય કે ગટરમાં હોય, એ સોનાની લગડી જ છે, એની કિંમતમાં કોઈ જ ફેર પડતો નથી. **આત્મા પર કર્મોનો કચરો ને દોષોની ગંદકી લાગી હોય, તો ય એના ભીતરના સિદ્ધસ્વરૂપને કોઈ ફેર પડતો નથી.** આખી દુનિયામાં આપણે ભગવાન જોઈએ અને પૈશુન્યના પાપથી મુક્ત થઈએ એ જ ભાવના સહ વિરમું છું.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

પંદરમું પાપસ્થાનક

# રતિ-અરતિ

રતિ એટલે ગમો, અરતિ એટલે અણગમો. બે બિલાડી વચ્ચે જે હાલત ઉંદરની થાય, એવી હાલત રતિ-અરતિ વચ્ચે આપણા આત્માની થાય છે. અણગમો આપણને નથી ગમતો. અણગમાની દશાને આપણે અસમાધિની દશા ગણીએ છીએ. But we don't know. ગમાની દશા પણ અસમાધિની જ દશા છે. સમાધિ એને કહેવાય કે જેમાં આત્માની સ્વસ્થતા હોય. **સમાધિ એને કહેવાય કે જેમાં આત્મા એના સ્વરૂપમાં સ્થિર થઈ ગયો હોય.** આ સ્થિરતા અરતિમાં પણ નથી અને રતિમાં પણ નથી. ફક્ત અનાદિ કાળના કુસંસ્કારોને કારણે આપણને એવો ભ્રમ થાય છે કે રતિમાં આપણે સુખી છીએ અને અરતિમાં આપણે દુઃખી છીએ, હકીકતમાં રતિ અને અરતિ બંનેમાં આત્મા દુઃખી જ હોય છે. સુખ તો છે સ્વરૂપમાં. **સુખ તો છે આત્મરમણતામાં.** બહારના સુખ-દુઃખ પર આપણે એટલા બધાં કેન્દ્રિત થઈ ગયા છીએ, કે આ ભીતરી તત્ત્વ પ્રત્યે આપણે સાવ જ બેધ્યાન થઈ ગયા છીએ. માટે જ પરમ પાવન આગમ શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે -

का अरई के आणंदे एत्थं पि अग्गहे चरे

શું અરતિ ને શું રતિ - આની ય જ્યારે પરવા નહીં રહે

ત્યારે જ તને પરમ સુખ મળશે.

ક્ષુદ્રને જ સર્વસ્વ માનીને જીવતા અને એની પાછળની દોડમાં આખી જિંદગીને વેડફી દેતા જીવો વિરાટથી વંચિત બની જાય છે. જ્ઞાનીઓ એમને જોઈને કરુણાથી દ્રવી જાય છે, એમનું હૈયું બોલી ઉઠે છે.

**કેમ વ્યાકુળ તું બની દોડે છે ટીપાં પાછળ ?**

**પ્યાસને ખૂબ વધારી દે સમંદર મળશે.**

**આત્માનું સુખ દરિયા જેટલું છે અને દુનિયાભરનું વિષયસુખ ટીપાં**

**જેટલું છે. ટીપાં ખાતર દરિયાને ગુમાવવાની ભૂલ મોટા ભાગના જીવો કરી રહ્યા છે.**

છગન એક વાર મગનના ઘરે ગયો. એ ડોરબેલ વગાડવા જ જતો હતો કે અંદરથી ઝગડાનો અવાજ સંભળાયો. છગને કાન માંડ્યા, મગનની પત્ની એને ધમકાવી રહી હતી. ''આ તમારા સ્વભાવનું તો કાંઈ ઠેકાણું જ નથી. ભીંડા કર ભાંડા કર ભીંડા કર – કહી કહીને મારો જીવ ખાઈ ગયા. સોમવારે ભીંડાનું શાક બનાવ્યું તો તૂટી જ પડ્યા એના પર. મંગળવારે ભીંડાનું શાક બનાવ્યું, તો ખાઈને કહ્યું, 'મજા આવી ગઈ.' બુધવારે જમીને ચૂપચાપ જતા રહ્યા. ગુરુવારે પૂછ્યું કે 'ભીંડાનું શાક કેમ બનાવ્યું ?' ને આજે કહો છો કે 'હું ભીંડાનું શાક થાળીમાં પણ નહીં લઉં.' તો તમારા સ્વભાવનું મારે સમજવું શું ?''

**ખરો પ્રશ્ન એ નથી કે આપણી ઈચ્છા પૂરી થતી નથી, ખરો પ્રશ્ન તો એ છે કે આપણી ઈચ્છા સ્થિર નથી અને નિર્મળ નથી.** ગમો પણ માણસનો ભ્રમ છે અને અણગમો પણ ભ્રમ છે. ગમા–અણગમાની વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. એક જ વ્યક્તિએ પણ જેમ જેમ સમય જાય, તેમ તેમ ગમા–અણગમાની વ્યાખ્યા બદલાતી જાય છે. શાંતિથી વિચાર કરીએ, તો આપણને ખ્યાલ આવે કે આ એક એવી બાબત છે, જેમાં આપણે સરેઆમ છેતરાઈએ છીએ. **આપણે જો ખરેખર હોંશિયાર હોઈએ, બુદ્ધિશાળી હોઈએ, Smart હોઈએ, તો પહેલું કામ આ જ કરવા જેવું છે. ગમા–અણગમાની રતિ–અરતિની ગુલામીમાંથી છૂટી જવાનું.**

**સુખ દુઃખ બંને વાદળ જેવા**
**નહીં આભને લેવા દેવા,**
**જીવ સદા ખોટું ભરમાયો**
**ઘડી–બે ઘડી તડકો છાયો.**
**આ પળ પણ વીતી જાવાની**
**કોઈ ચીજ ક્યાં છે ટકવાની ?**

**ભેદ કદી ના આ સમજાયો**

**ઘડી બે ઘડી તડકો છાયો.**

રતિ-અરતિ એ માત્ર વિચાર નથી, એ માત્ર લાગણી નથી, એ પાપ પણ છે. **રતિ-અરતિના ખોટા ખ્યાલોમાંથી જ દુનિયાભરના અઢળક પાપોનો જન્મ થાય છે.** મને કંઈક ગમે છે અને કંઈક નથી ગમતું, તો હું પાપો કરવાનો જ. રતિ-અરતિ ખુદ પણ પાપ અને રતિ-અરતિ પાપોના જનક પણ. રતિ-અરતિ ખુદ પણ દુઃખ અને રતિ-અરતિ દુઃખોનું મૂળ પણ. આપણે સહુ જલ્દીમાં જલ્દી આ પાપથી છૂટી જઈએ એ જ ભાવના સાથે વિરમું છું.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## સોળમું પાપસ્થાનક પરપરિવાદ

પર એટલે આપણા સિવાયની વ્યક્તિ. પરિવાદ એટલે નિંદા. બીજાની નિંદા કરવી એને પરપરિવાદ કહેવાય.

મલધારી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો એક અદ્ભુત ગ્રંથ છે - ભવભાવના. એમાં એક શ્રાવિકાની કથા આવે છે. એનો વૈરાગ્ય જબરદસ્ત હતો. એની આરાધના બેજોડ હતી. એનો તપ ખરેખર અદ્ભુત હતો. એનામાં એક પણ દોષ શોધ્યો ય જડે એમ ન હતો. **એનો સ્વાધ્યાય એટલી પરાકાષ્ઠાનો હતો કે એને એક લાખ શ્લોકો કંઠસ્થ હતાં.** પણ એક ગોઝારા દિવસે એનામાં એક દોષે પ્રવેશ કર્યો, ને એનો વૈરાગ્ય ઓસરી ગયો, આરાધના મંદ થઈ ગઈ, તપનું સૂરસૂરિયું થઈ ગયું. શ્લોકો ઝપાટાબંધ ભૂલાવા લાગ્યા. આખું ગામ એના પર ફિટકાર વરસાવવા લાગ્યું ને છેવટે રાજાએ એને દેશનિકાલની સજા ફરમાવી દીધી. કયો હતો એ દોષ ? પરપરિવાદ.

**કેરીના રસનો આજીવન ત્યાગ કરી દેવો એ હજી કદાચ સહેલો છે. પણ એકાદ વર્ષ કે એકાદ મહિના માટે પણ નિંદાનો ત્યાગ કરવો એ કઠિન છે.** કાયોત્સર્ગ કે સ્વાધ્યાયની આરાધના કરવા માટે મોડા સુધી જાગવું આપણને અઘરું લાગે છે, પણ જો નિંદા કરવા બેસીએ, તો ક્યાં સવાર પડી જશે, એનો પણ આપણને ખ્યાલ નહીં રહે. આમાં કારણ બીજું કશું જ નથી, સિવાય તીવ્ર રસ. બુરાઈ પ્રત્યેનો આપણો ઢોળાવ. કેરી ખાવામાં કદાચ સ્વાદ આવશે, કદાચ શરીર પુષ્ટ થશે, નિંદાથી આ બેમાંથી કશું નથી થતું. ફક્ત જીવ એવી ભ્રમણામાં રાચે છે, કે નિંદા દ્વારા એણે બીજા ઉપર વિજય મેળવી લીધો છે. એ એના કરતા ચડિયાતો સાબિત થઈ ગયો છે. એ જ બધા કરતાં મહાન છે. આ ભ્રમણા એને વધુ ને વધુ નિંદા કરવા માટે પ્રેરે છે, ને એ આ કાદવમાં વધુ ને વધુ ફસાતો જાય છે. પુષ્પમાલા ગ્રંથ કહે છે -

परदोसं जंपंतो न लहइ अत्थं कज्जं न साहेइ ।
मित्तं पि कुणइ सत्तू, बंधइ कम्मं महाघोरं ।।

જે નિંદા કરે છે. તેને નિંદા કરવાથી કાંઈ પૈસા મળતા નથી, એનાથી એનું કોઈ કામ થતું નથી. ઉલ્ટુ નિંદા કરવાથી મિત્ર પણ શત્રુ થઈ જાય છે અને આત્માને મહા ભયંકર કર્મ બંધાય છે.

છગન એક વાર બજારમાં ગયો. ત્યાં એની બાજુમાં બે બહેનપણીઓ વાત કરતી હતી. છગને એના કાન સરવા કર્યા, તો એને સંભળાયું - ''પેલી ખુશી તો હંમેશા એના પતિની નિંદા જ કર્યા કરે છે. એવું તે કદી કરાતું હશે ? મારો પતિ ભલે દારૂડિયો છે, ભલે જુગારી છે, ક્યારેક એ ચોરી પણ કરે છે, તો ય હું કોઈને કહેતી નથી.''

ભલે આપણને હસવું આવે છે, પણ હકીકતમાં આ આપણી જ વાત છે. **નિંદા ખરાબ છે - આ વાત ઉપર પણ આપણે બધાં સહમત છીએ અને નિંદા આપણાથી છૂટતી જ નથી. આ વાત ઉપર પણ આપણે સૌ એકમત છીએ.** કવિ ઋષભદાસજી કહે છે -

**માસખમણને પારણે**
**એક સિક્થ લઈ ખાય,**
**પણ નર નિંદા નવિ તજે**
**નિશ્ચે નરકે જાય.**

જે વ્યક્તિ માસક્ષમણના પારણે માસક્ષમણ કરે, દરેક પારણામાં એકાસણું કરે. એ એકાસણામાં પાછું એક જ દ્રવ્ય વાપરે. એ દ્રવ્ય પણ ફક્ત એક જ દાણો વાપરે. તો પણ... આટલો ઘોરાતિઘોર તપ કરનાર વ્યક્તિ પણ.. જો નિંદા ન છોડે, તો એ નક્કી નરકમાં જાય.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે પણ કહ્યું છે -

निंदक निश्चे नारकी

નિંદા કરે તે અવશ્ય નરકમાં જાય છે.

પરપરિવાદથી મળે શું ? અને પરપરિવાદથી ગુમાવવાનું શું ? અનંત કરુણાના સાગર પ્રભુ મહાવીરસ્વામીએ પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં જોયું કે આ પાપ છે. એનાથી જીવ દુઃખી જ થાય છે. આપણા હિત માટે ભગવાને આપણને ઉપદેશ આપ્યો, કે આનાથી દૂર રહો. **હવે આપણે પ્રભુના ઉપદેશને અનુસરવું કે આપણી રુચિને અનુસરવું, એ આપણા હાથની વાત છે.** જિનાજ્ઞાને અનુસરશું તો સુખી થઈશું. આપણી રુચિને અનુસરીને નિંદામાં પડ્યા, તો દુઃખી થઈશું. પસંદ આપણી.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# સત્તરમું પાપસ્થાનક માયા-મૃષાવાદ

માયા એટલે છળકપટ અને મૃષાવાદ એટલે જૂઠ. આઠમું પાપસ્થાનક માયા છે. અને બીજું પાપસ્થાનક મૃષાવાદ છે. પણ જ્યારે માયા સાથે મૃષાવાદ ભળે, ત્યારે એ એક અલગ પાપસ્થાનક થઈ જાય છે. માયા-મૃષાવાદ. **કેવળજ્ઞાની ભગવંતોએ આ પાપનો એક અલગ પરિણામ જોયો છે. માટે તેને અલગ પાપસ્થાનક તરીકે સ્થાન આપ્યું છે.**

ગોશાળાએ પ્રભુને કહ્યું હતું કે ‘આપ મારા ગુરુ. હું આપનો શિષ્ય.’ હજી તો પ્રભુનો સાધનાકાળ ચાલતો હતો. પ્રભુએ ઉપદેશ આપવાની શરૂઆત પણ કરી ન હતી. છતાં દાક્ષિણ્યથી પ્રભુને તેની વાતમાં મૌન સમ્મતિ આપી. ગોશાળો પ્રભુની સાથે સાથે ફરવા લાગ્યો. પ્રભુની સાથે ફરવાના એણે ઘણા લાભો પણ ઉઠાવ્યા. પણ એક દિવસ એ પ્રભુથી છુટ્ટો પડી ગયો. એણે જાહેર કર્યું કે હું જ સર્વજ્ઞ તીર્થંકર છું. એણે જાહેર કર્યું કે હું મહાવીરનો શિષ્ય નથી. આ હતો માયા-મૃષાવાદ. હજારો-લાખો લોકોને એણે આના દ્વારા અવળે પાટે ચડાવી દીધા. આગળ વધીને પ્રભુની એણે ઘોર આશાતના પણ કરી અને પોતાનો અનંત સંસાર વધારી દીધો.

શું મળ્યું ગોશાળાને માયા-મૃષાવાદ કરવાથી ? શું ફાયદો થયો ? **પાપ એ હળાહળ ઝેર છે, આટલું જો આપણા મગજમાં ફીટ થઈ જાય તો સમજી લો કે પછી મોક્ષ આપણા હાથમાં છે.**

હકીકત તો એ છે કે ઝેર એટલું ખતરનાક નથી, પિસ્તોલ કે બોંબ એટલો ભયાનક નથી, અકસ્માત્ કે કેન્સર જેવા રોગો એટલા ભયંકર નથી, જેટલું ભયંકર પાપ છે. પણ આપણી કમનસીબી એવી છે, કે **પાપ આપણને પ્યારું લાગે છે અને ધર્મ આપણને અળખામણો લાગે છે. આપણા ભવભ્રમણનું આની સિવાય બીજું કોઈ જ કારણ નથી.** દેખીતા લાભ માટે ઠંડે કલેજે માયા-મૃષાવાદ કરતી વ્યક્તિને ખ્યાલ જ નથી, કે એ ખરા લાભને ગુમાવી રહી છે, ને કેટકેટલા નુકશાનોને નોતરી રહી છે.

છગનને એક વાર વિચાર આવ્યો, કે છોકરાના અભ્યાસની બાબતમાં પણ મારે કંઈક ધ્યાન આપવું જોઈએ. એણે છોકરાને બોલાવ્યો. પૂછ્યું ''બોલ, ૨ + ૨ = કેટલા થાય ? છોકરાએ જરા વિચારીને કહ્યું, ''૪'' છગને કહ્યું, ''શાબાશ, લે આ ૪ ચોકલેટ ઈનામ.'' છોકરો કહે ''પહેલાં ખબર હોત તો ૧૬ કહેત.''

માયા-મૃષાવાદમાં કોઈ જ લાભ નથી. જે ખોટું જ છે, એનું કોઈ સારું પરિણામ શી રીતે હોઈ શકે ? કદાચ એનું કોઈ તાત્કાલિક સારું પરિણામ દેખાય, તો પણ, એનો પાયો તો ખોટો જ છે. એ ઈમારત ક્યાં સુધી ટકશે ? એ ઈમારત કડડભૂસ થઈ જશે, ત્યારે એ વ્યક્તિ પહેલા કરતા પણ વધુ દુઃખી નહીં થઈ જાય ? **પાપ કરવું જેટલું સહેલું હોય છે, એટલું જ એના પરિણામોથી છટકવું મુશ્કેલ હોય છે.**

માયાની સજ્ઝાયની એક કડી છે -

**મુખ મીઠો જુઠો મને, કૂડ કપટનો કોટ રે**
**મુખે તો જી જી કરે, ચિત્તમાં તા કે ચોટ રે**

માયા-મૃષાવાદ કરનાર વ્યક્તિ આમ તો મીઠું મીઠું બોલે છે, પણ એનું મન જૂઠું હોય છે. કૂડ-કપટનો એ જાણે કિલ્લો હોય છે. આપણી સામે તો એ જી જી કરે છે, પણ એનું મન ચોક્ખું નથી હોતું.

We have to think ourself. આપણે આપણું કેવું નિર્માણ કરવું છે ? કોઈને દેખાડવા, કોઈને લગાડવા, કોઈ પર છાપ પાડવાના આપણા જેટલા પ્રયાસો છે, એટલા પ્રયાસો જો આપણે આત્મસાક્ષિક આત્મનિર્માણમાં કરીએ તો આપણું કલ્યાણ થઈ જાય. આખી દુનિયા આપણા પર ફિદા થઈ જાય. તો ય આપણી સદ્ગતિ નથી થવાની અને આખી દુનિયા આપણા પર થૂંકે, તો ય આપણી દુર્ગતિ નથી થઈ જવાની. તો પછી દુનિયાને જોવી જ શા માટે ? આત્માને જ ન જોઈએ ? પરમ પાવન આગમ શ્રી આચારાંગ સૂત્ર કહે છે -

## ण लोगस्सेसणं चरे

તું તમામ લોકૈષણાને છોડીને તારા આત્માનું

હિત થાય એવું કામ કરી લે.

લોકૈષણામાંથી જ માયા આવે છે. લોકૈષણામાંથી જ મૃષાવાદ આવે છે. લોકૈષણામાંથી જ માયા-મૃષાવાદ આવે છે. આપણે જલ્દીથી સમજણના ઘરમાં પ્રવેશ કરીએ, અને સર્વ પાપોથી મુક્ત થઈએ એવી ભાવના સાથે વિરમું છું.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

અઢારમું પાપસ્થાનક

# મિથ્યાત્વશલ્ય

મિથ્યાત્વ એટલે અજ્ઞાન. શલ્ય એટલે કાંટો. અનાદિ કાળથી આપણા આત્માને જે કાંટો દુઃખી કરી રહ્યો છે, એનું નામ છે મિથ્યાત્વશલ્ય. **અઢારે પાપસ્થાનકોમાં કોઈ રાજા હોય, તો એ છે મિથ્યાત્વશલ્ય.** અજ્ઞાન છે માટે જ હિંસા થાય છે. અજ્ઞાન છે માટે જ જૂઠ બોલાય છે. અજ્ઞાન છે માટે જ ચોરી કરાય છે. આખી દુનિયાનું એક પણ પાપ એવું નથી, કે જે અજ્ઞાન વિના થઈ શકે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે -

**अज्ञानं खलु कष्टं रागादिभ्योऽपि सर्वपापेभ्यः ।**
**अर्थं हितमहितं वा न वेत्ति येनाऽऽवृतो लोकः ।।**

રાગ, દ્વેષ વગેરે બીજા બધાં પાપો કરતાં પણ કોઈ વધારે ભયંકર હોય, તો એ છે અજ્ઞાન. જેનાથી ઢંકાયેલો માણસ આ વસ્તુ મારા હિતમાં છે કે અહિતમાં- એ જાણી શકતો નથી.

મિથ્યાત્વ એ પડદો છે. મિથ્યાત્વ એ અંધકાર છે. મિથ્યાત્વ એ અંધાપો છે. યુદ્ધભૂમિ પર સેંકડો શત્રુઓ ઘેરી વળ્યા હોય, એ સમયે માણસ ઝોકા ખાતો હોય, એ જોખમી છે. એ ઘસઘસાટ સૂઈ ગયો હોય, એ વધુ જોખમી છે અને એ બેભાન થઈ ગયો હોય, એ અત્યંત જોખમી છે. મિથ્યાત્વ એ બેભાનીની દશા છે. આત્માએ અનંતકાળ આમાં જ વીત્વ્યો અને પરિણામે તમામે તમામ કર્મો અને તમામે તમામ દોષો આત્મા પર તૂટી જ પડ્યા. આત્મસ્વરૂપનો કચ્ચરઘાણ વળી ગયો. **દુનિયાનું એક પણ દુઃખ એવું નથી જે આપણા આત્માએ અનંત વાર સહન ન કર્યું હોય.** સાતે નરકના ચોર્યાશી લાખ નરકાવાસમાંથી પ્રત્યેક નરકાવાસમાં આપણો આત્મા અનંત વાર જન્મી ચૂક્યો છે. સંસારના કોઈ પણ કીડા-મકોડા તરીકે આપણે એટલી વાર જન્મી ચૂક્યા છીએ, કે જો એના ડેડ-બોડીઝ સાચવી રાખવામાં આવે, તો એનાથી અનંતા ચૌદ રાજલોકો ભરાઈ જાય. સત્ય ઘણું કડવું છે. **આપણો સમગ્ર**

**ઈતિહાસ ખૂબ જ દર્દનાક છે.** એ બધાં દર્દોના મૂળમાં મિથ્યાત્વશલ્ય વિના બીજું કશું જ નથી. શું કરવું છે હવે આપણે ? હજી અજ્ઞાનદશામાં જ બેઠાં રહેવું છે ? **જો આપણી આ જ સ્થિતિ રહી, તો આ સમગ્ર ઈતિહાસનું પુનરાવર્તન કરવાની આપણે તૈયારી રાખવી પડશે.**

છગન એક વાર હોસ્પિટલમાં એડમિટ થયો. પાંચ-છ તો એને ફ્રેક્ચર થયા હતાં, આખા શરીરે પાટા-પિંડી હતી. મગન એની ખબર કાઢવા આવ્યો. એ તો એનો સીન જોતાની સાથે જ ડઘાઈ ગયો. એણે પૂછ્યું, ''તારી આવી હાલત કેમ થઈ ?'' છગન કહે, ''ફક્ત Mis-understanding ના કારણે.'' મગને કહ્યું, કઈ Mis-understanding ?'' છગને જવાબ આપ્યો, ''હું રાતે બાઈક લઈને નીકળ્યો હતો. Full Speed હતી. સામે મને બે લાઈટ દેખાઈ, મને થયું કે બે બાઈક આવતી લાગે છે. હું વચ્ચેથી નીકળી જાઉં... બસ.. આટલી જ Mis-understanding.

અજ્ઞાનને કારણે છગનનો એક્સીડન્ટ થયો. આપણો આખો ય સંસાર એક હોરિબલ એક્સીડન્ટ છે, જેના મૂળમાં આ જ કારણ છે - મિથ્યાત્વ-અજ્ઞાન.

આજે Education માટેના પ્રયાસો વધ્યા છે. સરકાર અબજો રૂપિયાનું પાણી કરે છે. નાનો માણસ પણ લાખોના કમરતોડ ખર્ચા કરે છે. પણ શું એને Education કહી શકાય ખરું ? શું એનાથી જ્ઞાન મળે ખરું ?

**મને કહેવા દો, કે આ બધો ઘોર અજ્ઞાનનો પ્રસાર છે.** મને યાદ આવે છે પેલી આર્યરક્ષિતની મા, જેણે પોતાના દીકરાને કહ્યું કે ''બેટા, ભલે રાજા તારું સામૈયું કરે, ભલે આખું નગર તારી પાછળ ગાંડું થાય, પણ એમાં હું જરાય રાજી નથી, બેટા, આ ચૌદ વિદ્યાઓ તો સંસાર વધારનારી છે. મારો દીકરો સંસાર વધારે એમાં હું શું ખુશ થવાની હતી ? **મારા દીકરા, તારે જો મને ખુશ કરવી હોય ને ? તો તું એવું જ્ઞાન ભણ, જેનાથી તારા ભવભ્રમણનો અંત આવી જાય.**

આપણા જીવનની સાર્થકતા ભગવાનના વચનને ઘૂંટી ઘૂંટીને મિથ્યાત્વને

દૂર કરવામાં છે. **આપણા જીવનની સફળતા જિનશાસનના અદ્‌ભુત જ્ઞાનવારસાને જાળવવામાં છે.** સર્વ પાપોનો અંત પણ આનાથી જ થઈ શકશે, અને સર્વ દુઃખોનો અંત પણ આનાથી જ થઈ શકશે. Let's effort to achieve the right knowledge.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.